સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions
**Year :** 04, **Issue :** 77, Dt. 28-07-2026 (TUESDAY) Rs. 02/- **Page :** 26, RNI No. GUJGUJ/2023/84789

# રાજકોટને લાગી નજર !

### રાજકોટના રૂખડિયાપરા વિસ્તારનો હત્યાનો ભેદ ઉકેલાયો

## બહેન ઉપર નજર બગાડનાર જીગરજાન ભાઈબંધની હત્યા



તસવીરઃ અક્ષય ગોંડલિયા


### ચા પીવાના બહાને લઈ જઈ બે શખ્સોએ સતત એક કલાક સુધી માર મારી યુવકને મોતને ઘાટ ઉતાર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટનાં રૂખડિયાપરામાં રહેતાં અને કલર કામ કરતાં ઉમંગ રણજીતભાઈ જાખેલીયા (ઉ.વ.૨૩)ને પાડોશમાં રહેતો મિત્ર ચા પીવાના બહાને ટુવ્હિલર ઉપર ભગવતીપરા નદીના પટ્ટમાં લઈ ગયા બાદ ત્યાં તેને ધોકા-પાઈપના આડેધડ ડઘાઝીંકી ઘા ઝીંકી પતાવી દીધો હતો. અફેચર કે મેસેજ કરવાના કારણે



ઉમંગની હત્યા કરાયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ ઉમંગ, તેના પિતા અને નાનો ભાઈ વિકાસ કલર કામ કરે છે. તેના પિતા રણજીતભાઈએ જણાવ્યું કે આજે બપોરે ઉમંગ જમીને ઘરે બેઠો હતો ત્યારે ૨.૩૦ વાગ્યાની આસપાસ પાડોશમાં રહેતા તેના મિત્ર અખ્તરનો નાનો ભાઈ નાઝીર તેને ચા પીવાના બહાને ટુ વ્હીલર પર બેસાડી ભગવતીપરા નદીના કાંઠે લઈ ગયો હતો. જયાં નાઝીર ઉપરાંત તેના ફઈના પુત્ર આસીફ અને અજાણ્યા શખ્સે મળી ધોકા-પાઈપના આડેધડ ઘા ઝીંકી બેભાન કરી દીધો હતો. ત્યાર બાદ આસીફ અને નાઝીર ઉમંગને ટુ વ્હીલરની વચ્ચે બેસાડી તેના મકાનની ડેલી પાસે ફેંકી જવા લાગ્યા હતા આ દ્રશ્યો બાજુમાં પાનની દુકાન ધરાવતાં વિજયભાઈએ જોતાં બુમાબુમ કરી હતી.



### રાજકોટમાં પત્નિએ અફેરનો વિરોધ કર્યો તો સજા આપી

## પતિના અફેરની પત્નિને ખબર પડતા પત્નિને લમધારી નાંખી !

### પરિણીતાએ કહ્યું મારા પતિનુ દીકરીને ટ્યૂશન આપનારી શિક્ષિકા સાથે અફેર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં પતિ, પત્ની ઔર વોનો કિસ્સો સામે આવ્યો છે. પતિ શિક્ષિકાના પ્રેમમાં પડતા પત્નીએ વિરોધ નોંધાવ્યો હતો. જેને કારણે પતિએ તેને માર માર્યો હતો. આ માર મારવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ વીડિયોમાં દેખાતી પરિણીતા સીસીટીવી વાઈરલ કરી આજે મીડિયા સમક્ષ આવી ન્યાયની માંગ કરી રહી છે. આ અંગે અગાઉ પણ અરજી કરવામાં આવી હતી. ત્યાર બાદ સમાધાન કરી લીધું હતું અને ફરી



પતિ શિક્ષિકા સાથે જ ફરતો હોવાથી વિરોધ નોંધાવતા શનિવારે એક કારખાનામાં પતિએ માર માર્યો હતો. આ અંગે પરિણીતાએ જણાવ્યું હતું કે, તેમના દ્વારા એક વિડીયો વાઈરલ કરવામાં આવ્યો છે. જેમાં તેને પતિ દ્વારા માર મારવામાં આવી રહ્યો છે. આ પછી તેઓ સારવાર લેવા માટે હોસ્પિટલ ગયા હતા. પતિ દ્વારા માર મારવામાં આવતો તેના વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરતા હવે મારો પતિ ધમકી આપી રહ્યો છે કે આ વિડીયો ડીલીટ કરી નાખ નહીં તો તારા વિરુધ્ધ કાર્યવાહી કરી ૩ વર્ષ સુધી જેલમાં પુરાવી દઈશ.

પરિણીતાએ વધુમાં જણાવ્યું હતું કે, ચાર વર્ષ પહેલા મારી દીકરી ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી. આ સમયે પર્સનલ ટ્યુશન રાખ્યા હતા. જેમાં શિક્ષિકા મારી દીકરીને ભણાવવા આવતી હતી. મને અફેરની જાણ થઇ ત્યારે મેં મહિલા પોલીસમાં ફરિયાદ પણ કરી હતી.

### સાધુ વાસવાણી રોડ પર રહેતા ખખ્ખર પરિવારમાં ત્રણેયનાં મોત

## લોહાણા પરિવારના 3 સભ્યોનો આપઘાત



### આર્થિક સંકડામળમાં પગલું ભર્યુ હોવાનું તારણ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં સાધુવાસવાણી રોડ ઉપર અજંતા પાર્કમાં રહેતા પીડબલ્યુ શાખાના નિવૃત ક્લાર્કે તેના પત્ની અને યુવાન પૂત્રએ પોતાના ઘેર ઝેરી પાવડર પી સામુહિક આપઘાત કરી લેતા તેના શહેરમાં સ્તબ્ધતા છવાઇ છે. પરીવારમાં કલ્પાંત સર્જાયો છે. જાણ થતા યુનિવર્સિટી પોલીસે તપાસ કરતા પરીવારે વ્યાજખોરોના ત્રાસથી આ પગલું ભરી લીધાની શંકાએ તપાસ હાથ ધરી છે. પરંતુ બીજી તરફ રઘુવંશી સમાજ દ્વારા આ મામલે મૃતદેહ સ્વિકારવા ઈન્કાર કરવામાં આવ્યો છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સાધુવાણી રોડ પર અજંતા પાર્કમાં રહેતા દિલીપભાઈ નટવરલાલ ખખ્ખર (ઉ.૭૨) તેના પત્ની સ્મિતાબેન (ઉ.૬૫) અને તેનો પૂત્ર નિશીત (ઉ.૩૨) તેના ઘેર હતા તે દરમ્યાન ઝેરી પાવડર પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયા ટુંકી સારવાર દરમ્યાન સ્મિતાબેનનું મોત નિપજયુ હતું. તેમના જુવાનજોધ પૂત્ર નિશીત પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતો હોવાનું સામે આવ્યુ છે. પોલીસે ઘટનાની નોંધ કરી કાર્યવાહી કરતા પ્રાથમિક તપાસમાં વ્યાજખોરોના ત્રાસથી પરિવારે સામૂહિક આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યુ છે.

# ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતનું વિવાદાસ્પદ નિવેદન




## યુવા પેઢી ભણવામાં સારી નથી, ખરાબ વિચારસરણી અને ભ્રષ્ટ માનસિકતા ધરાવે છે કે સારી ગૃહિણી પણ બની શકતી નથી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**


સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે નવી પેઢીની ભારતીય મહિલાઓને ગટર છાપ કહી. કંગનાનું કહેવું છે કે આ મહિલાઓ સ્વતંત્ર મહિલાઓનો વાદ કરી નશો કરવો, દારૂ પીવો અને અસંખ્ય પુરુષો સાથે યૌન સંબંધ બાંધવાને સ્વતંત્રતા કહે છે.

કંગનાએ સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાંથી લખ્યું છે, 'સૌથી શરમજનક વાત એ યુવા હિંદુ મહિલાઓનું વર્તન છે, જે સ્વતંત્ર અને કારકિર્દી બનાવતી મહિલાઓના જીવનની નકલ કરવા માંગે છે, પરંતુ તે આઝાદી સાથે આવતી જવાબદારીઓને નિભાવવા માંગતી નથી. સ્વતંત્ર મહિલાઓ વિદ્રોહી નિર્ણયો લે છે, સ્પષ્ટ અભિપ્રાય રાખે છે, પરંપરાઓથી હટીને કારકિર્દી પસંદ કરે છે અને પોતાના દરેક નિર્ણયની સંપૂર્ણ જવાબદારી પણ ઉઠાવે છે. તેમને પોતાના કર્મોની કિંમત પોતે જ ચૂકવવી પડે છે. તે પોતાના માતા-પિતા કે પરિવારના ભોગે આવું કરતી નથી. આગળ કંગનાએ લખ્યું, 'આજે કહેવાતી પશ્ચિમી વિચારસરણીથી પ્રભાવિત ભારતીય મહિલાઓની એક નવી પેઢી સામે આવી છે. હું તેમને 'ગટર છાપ જનરેશન' કહું છું. આમાંથી કેટલીક પાસે સમાજને આપવા માટે કંઈ નથી. તે ભણવામાં સારી નથી, ઉપરાંત એટલી ખરાબ વિચારસરણી અને ભ્રષ્ટ માનસિકતા ધરાવે છે કે સારી ગૃહિણી પણ બની શકતી નથી.

**યુવાનોને આખરે જન્મ કોણ આપી રહ્યું છે અને તેમનું પાલન પોષણ કોણ કરી રહ્યું છે ?**

તેમ છતાં તેઓ પોતાની કહેવાતી આઝાદીનો દેખાડો કરે છે, નશો, દારૂ અને અસંખ્ય જાતીય સંબંધોને પોતાની આઝાદી ગણાવે છે. શરમ વિના પોતાના માતા-પિતાની કમાણી પર જીવે છે અને સતત સ્વતંત્ર જીવન જીવવાની વાતો કરે છે, જ્યારે વાસ્તવમાં તેઓ આત્મનિર્ભર હોતી જ નથી. એક નાની યાદ અપાવી દઉં, આઝાદ જીવન કમાવવું પડે છે. જો જવાબદારી ઉઠાવ્યા વિના સ્વતંત્ર બનવાનો પ્રયાસ કરશો, તો તમે ફક્ત એક વિકૃત માનસિકતાવાળા માણસ છો, 'ગટર છાપ'.

ભાજપના સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે સોમવારે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર પણ વિવાદાસ્પદ અભિપ્રાય આપ્યો અને નવી પેઢીના પાલનપોષણ પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, મારી આખી જીંદગીમાં મેં ક્યારેય આટલી બધી કદરૂપતા એકસાથે જોઈ નથી. Gen Z ના વિરોધ પ્રદર્શનોની આ રીલ્સ જોઈને ઘૃણા આવે છે.



### મત માંગવા સમયે કહ્યું હતું કામ થઈ જશે પણ હજુ સુધી થયું નથી

# વચન આપનાર નેતાઓ ગુમ છે !



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## થાળી અને વેલણ વગાડી કોર્પોરેટરોને જગાડવા માટે મહિલાઓએ વિરોધ કર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં ચોમાસામાં અનેક રહેણાંક વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ અને બિસ્માર રોડ-રસ્તાની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. શહેરના વોર્ડ નંબર ૧માં ઇન્દ્રપ્રસ્થ નગર, બંસી પાર્ક, શાંતિનિકેતન તેમજ અક્ષર રેસિડેન્સી સહિતની સોસાયટીઓના સ્થાનિક રહીશો તંત્રની ઘોર ઉપેક્ષાથી ભારે આક્રોશમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા ૧૦થી ૧૫ વર્ષથી કાચા રોડ, ખાડા-ખબડા, ચોમાસામાં ભરાતા પાણી અને ઉભરાતી ગટરોની ગંભીર સમસ્યાથી ત્રસ્ત સ્થાનિક નાગરિકોએ અંતે નછૂટકે વિરોધ પ્રદર્શનનો માર્ગ અપનાવ્યો હતો.રસ્તા ઉપર ઊતરેલા સ્થાનિકોમાં ખાસ કરીને મહિલાઓએ મોટી સંખ્યામાં જોડાઈ થાળી અને વેલણ વગાડીને મનપા તંત્ર તથા સ્થાનિક કોર્પોરેટરો સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, નેતાઓ મત માંગવા સમયે કહે છે કે તમારું કામ થઈ જશે, પણ પછી કાંઈ થતું નથી.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સોસાયટીઓ તરફ આવતો મુખ્ય ઢાળિયાવાળો રસ્તો અત્યંત કાચો અને બિસમાર હાલતમાં છે. ચોમાસા દરમિયાન માત્ર સામાન્ય વરસાદમાં પણ આ રસ્તો ધોવાઈ જાય છે અને ચારેય તરફ કાદવ-કીચડનું સામ્રાજ્ય પથરાઈ જાય છે. આ બિસ્માર રસ્તાઓને કારણે દ્વિચક્રી વાહનો સ્લિપ થઈ જવાના બનાવો રોજના બની ગયા છે. શાળાએ જતા નાનાં બાળકો, મહિલાઓ અને વયસ્ક વૃદ્ધો માટે આ રસ્તા પરથી પસાર થવું જોખમી બની ગયું છે. વારંવાર વાહનો ખરાબ થઈ જવા અને સ્લિપ થઈ જવાથી સ્થાનિકોને શારીરિક તથા આર્થિક સહન કરવાનો વારો આવ્યો છે. ઉપરાંત કાચા અને બિસ્માર ઢાળિયા વિસ્તારમાંથી અવારનવાર ઝેરી જીવજંતુઓ તથા સાપ પણ નીકળતા હોવાથી વિસ્તારના લોકોમાં ભારે ભયનો વાતાવરણ ફેલાયેલું રહે છે.સ્થાનિક રહીશ નેહાબેને પોતાનો આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમે છેલ્લા ૯ વર્ષથી અહીં રહીએ છીએ અને લોકો કહે છે કે, છેલ્લા ૧૫ વર્ષથી આ સમસ્યા છે. અમારો ઢાળિયાનો મેઈન પ્રશ્ન અમને હલ કરી દો. એટલા ખાડા-ખબડા છે કે, બાળકોને સ્કૂલે મૂકવા-લેવા જવામાં અને વૃદ્ધો માટે ભારે મુશ્કેલી પડે છે. અમારી ગાડીઓ સ્લિપ થાય છે અને બે-બે દિવસે ખરાબ થઈ જાય છે. ભૂગર્ભ ગટરની સમસ્યા અને જીવજંતુઓ ફેલાય છે. અમારા બાળકો દર ૨-૩ દિવસે બીમાર પડે છે અને દવાખાને જવું પડે છે.





## વોર્ડ નં.1માં ઈન્દ્રપ્રસ્થનગરમાં ખરાબ રોડ–રસ્તા અને ગટરની સમસ્યાથી લોકો ત્રાહિમામ

## સેવા, સંસ્કાર અને સમર્પણની ઓળખ એટલે કાશ્મીરાબેન

# ગુજરાત રઘુવંશી લોહાણા સમાજના મહિલા પ્રદેશ પ્રમુખ બનતા કાશ્મીરાબેન નથવાણી

## સમાજના વિકાસ-મહિલાઓના સશક્તિકરણ માટે નવી દિશા આપવામાં આવશેઃ નથવાણી





સ્વર્ગસ્થ ચીમનભાઈ શુકલ



સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ મહિલા સમિતિના પ્રદેશ પ્રમુખ તરીકે રાજકોટના જાણીતા સામાજિક ચહેરા કાશ્મીરાબેન નથવાણીના નામની જાહેરાત થતાં સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ છે.કાશ્મીરાબેન નથવાણી લાંબા સમયથી સામાજિક સેવા અને મહિલાઓના સશક્તિકરણ માટે સક્રિય રીતે કાર્યરત છે. તેઓએ વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગત્યની ભૂમિકા ભજવી છે. તેમની કાર્યનિષ્ઠા, મજબૂત નેતૃત્વ ક્ષમતા અને સમાજ પ્રત્યેની લાગણીને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ જવાબદારી તેમને સોંપવામાં આવી છે.કાશ્મીરાબેન નથવાણી સ્વર્ગસ્થ ચીમનભાઈ શુકલના પુત્રી અને સ્વતંત્ર સેનાની સ્વર્ગસ્થ વાલજીભાઈ નથવાણીનાં પુત્રવધુ છે અને નાનપણથી જ સેવાભાવી સ્વભાવ ધરાવે છે. જાણીતા ઉદ્યોગપતિ અને VNS ના માલિક બકુલભાઈ નથવાણીના ધર્મપત્ની છે. તેમના પરિવારનું સામાજિક અને જાહેર જીવનમાં વિશેષ સ્થાન રહ્યું છે. તેમના દિયર નીતિનભાઈ નથવાણી સિટી ન્યૂઝના માલિક તરીકે મીડિયા ક્ષેત્રે સક્રિય છે, જ્યારે તેમના ભાઈ નેહલ શુકલ હાલ રાજકોટના મેયર તરીકે સેવા આપી રહ્યા છે. ઉપરાંત કશ્યપભાઈ શુકલ અને કૌશિકભાઈ શુકલ પણ સૌરાષ્ટ્રમાં ભાજપના પાયાના પથ્થર સમાન માનવામાં આવે છે.આ પરિવાર માટે સમાજસેવા માત્ર એક કાર્ય નથી પરંતુ પેઢીઓથી ચાલતી પરંપરા છે. એ પરંપરાને આગળ વધારતા કાશ્મીરાબેન નથવાણી સમાજના વિકાસ અને મહિલાઓના સશક્તિકરણ માટે નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.આ નિમણૂંક માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર રઘુવંશી લોહાણા સમાજ માટે ગૌરવની ક્ષણ છે. કાશ્મીરાબેન નથવાણી પોતાના દ્રઢ સંકલ્પ અને સેવાભાવે સમાજને નવી ઊંચાઈઓ સુધી લઈ જશે તેવી સર્વેને અપેક્ષા છે.

> પરિવાર માટે સમાજ સેવા માત્ર એક કાર્ય નથી પરંતુ પેઢીઓથી ચાલતી પરંપરા છે

## આ નિમણૂંક માત્ર વ્યકિતગત સિધ્ધી નથી, પરંતુ સમગ્ર 15 લાખની વસ્તી ધરાવતા લોહાણા સમાજ માટે ગૌરવની ક્ષણ છે

### સિટી ન્યૂઝ સાથે પ્રમુખ બન્યા બાદ ખુલ્લા મને વાતચીત

# લોહાણા સમાજનો હવે રાજકીય અવાજ મજબૂત બનાવવાનો મંત્રઃ કાશ્મીરાબેન નથવાણી


## ક્યા વિચારો પર કામ કરશે



- સમાજને દરેક પક્ષમાં રાજકીય પ્રતિનિધિત્વ મળે તે માટે આગોતરૂ આયોજન કરશું
- સમાજની મહિલાઓને– સ્વાવલંબી બનાવવાનો પ્રયાસ
- સમાજને જરૂરિયાતમંદો માટે આર્થિક વ્યવસ્થા ગોઠવવી અને હકદાર પરિવારોને મદદ મળી શકે
- યોગ્ય માર્ગદર્શનથી સમાજને એક મંચ પર કરી સમાજ કેમ આગળ વધે તે દિશામાં અસરકાર કામગીરી કરશું

## કાશ્મીરાબેનના અનુભવોની યાદી

» ભાજપ પૂર્વ કોર્પોરેટર
» ભાજપ પૂર્વ ઉપપ્રમુખ
» મેનેજીંગ ટ્રસ્ટી રામજી મંદિર ગોંડલ રોડ
» પ્રમુખ જલારામ મંદિર ઘંટેશ્વર
» ડિરેક્ટર રઘુવીર ક્રેડિટ સોસાયટી
» ટ્રસ્ટી રઘુવંશી ચિલ્ડ્રન સો.
» પૂર્વ મહિલા પ્રમુખ લોહાણા મહાપરિષદ
» મહિલા મંત્રી લોહાણા મહાપરિષદ
» પૂર્વ પ્રમુખ રાજકોટ લોહાણા મહાજન
» પ્રથમ મહિલા પ્રમુખ રાજકોટ લોહાણા મહાજન



સ્વાતંત્ર સેનાની સ્વર્ગસ્થ વાલજીભાઈ ઠા.નથવાણી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોઈપણ સમાજના સર્વાંગી વિકાસ માટે મજબૂત સંગઠન અને યોગ્ય નેતૃત્વ અત્યંત આવશ્યક છે. કાશ્મીરાબહેન નથવાણીના મતે લુહાણા સમાજ એક સ્વતંત્ર વિચારધારા ધરાવતો, સુશિક્ષિત અને વેપારી બુદ્ધિથી સમૃદ્ધ સમાજ છે. આ સમાજની વિશેષતા એ છે કે અહીં અન્ય સમાજોની જેમ અંધ અનુસરણ કે 'ગાડરિયો પ્રવાહ' જોવા મળતો નથી. તેઓ માને છે કે ભલે સમાજમાં વ્યક્તિગત વિચારોને કારણે વિખેરાવ હોય, પરંતુ યોગ્ય માર્ગદર્શન અને એક મંચ પર એકત્રિત થવાથી નાના વેપારીઓ અને સામાન્ય પરિવારોની મુશ્કેલીઓનો અસરકારક ઉકેલ મળી શકે છે.રાજકીય પ્રતિનિધિત્વના મુદ્દે કાશ્મીરાબહેન અત્યંત દુરંદેશી અભિગમ ધરાવે છે. તેઓ સ્પષ્ટ કહે છે કે ચૂંટણીના સમયગાળામાં જ સક્રિય થવાને બદલે, ઓછામાં ઓછા દોઢથી બે વર્ષ અગાઉથી આયોજન કરવું જરૂરી છે. સમાજના પ્રતિભાશાળી, સક્રિય અને જીતવાની ક્ષમતા ધરાવતા યુવાનો અને મહિલાઓને ઓળખીને તેમને વિવિધ રાજકીય મંચ પર આગળ ધપાવવાની જરૂર છે. તેમનું માનવું છે કે આગોતરા આયોજનથી જ સમાજનો રાજકીય અવાજ મજબૂત બની શકે છે અને યોગ્ય પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરી શકાય છે.આર્થિક સશક્તિકરણના ક્ષેત્રમાં, ખાસ કરીને મહિલાઓ માટે, કાશ્મીરાબહેનનું વિઝન અત્યંત સ્પષ્ટ અને વ્યવહારુ છે. તેઓ સ્વીકાર કરે છે કે દરેક પરિવાર આર્થિક રીતે સક્ષમ નથી હોતો. તેથી સરકારની વિવિધ યોજનાઓ અને અજાણી ગ્રાન્ટ્સ સાથે સાથે સમાજના અગ્રણી ઉદ્યોગપતિઓના સહયોગથી મહિલાઓને ઘરે બેઠા રોજગાર ઉપલબ્ધ કરાવવા તેઓ પ્રતિબદ્ધ છે. સિલાઈ મશીન, બ્યુટી પાર્લર, તેમજ અન્ય ગૃહ ઉદ્યોગોની તાલીમ અને પ્રારંભિક આર્થિક સહાય દ્વારા બહેનોને સ્વાવલંબી બનાવવાનો તેમનો પ્રયાસ સમાજમાં નવી આશા જગાવે છે.સમાજ કલ્યાણના મુદ્દે કાશ્મીરાબહેનનો અભિગમ અત્યંત સંતુલિત અને વ્યવહારુ છે. તેઓ માને છે કે સમાજના ફંડનો ઉપયોગ માત્ર સાચા જરૂરિયાતમંદો માટે જ થવો જોઈએ. વ્યસનો કે બેદરકારીના કારણે આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા લોકો માટે સહાનુભૂતિ હોવી જોઈએ, પરંતુ સમાજના સીમિત સંસાધનોનો વ્યય કરવો યોગ્ય નથી. તેથી તેઓ આર્થિક સહાય માટે ચોક્કસ માપદંડો નક્કી કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે, જેથી યોગ્ય અને હકદાર પરિવારોને જ મદદ મળી શકે.એકંદરે, કાશ્મીરાબહેન નથવાણીના વિચારો માત્ર આદર્શવાદી નથી, પરંતુ જમીન સાથે જોડાયેલા અને વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને રચાયેલા છે. સામાજિક એકતા, રાજકીય જાગૃતિ, આર્થિક સ્વાવલંબન અને વ્યવહારુ અભિગમ આ ચારેય તત્વોનો સુંદર સમન્વય તેમના વિચારોમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

# વરસાદને લઈને જયોતિષો શું કરે છે આગાહી



## જ્યોતિષ જયપ્રકાશ માઢકે કહ્યું 31 જૂલાઈથી 3 ઓગષ્ટ વચ્ચે મેઘરાજા આક્રમક મૂડમાં જોવા મળશે

### ગ્રહોની સ્થિતિના કારણે ગુજરાતમાં અનરાધાર વરસાદ પડી શકે છે : રાજ્યના અનેક વિસ્તારોને જળબંબાકાર કરી શકે છે


**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

અમરેલીના પ્રખ્યાત જયોતિષશાસ્ત્રી જયપ્રકાશ માઢકે ગુજરાતમાં વરસાદને લઈને એક મોટી અને મહત્વની આગાહી કરી છે. તેમના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાં સર્જાયેલી નવી લો-પ્રેશર સિસ્ટમને કારણે ગુજરાતમાં વધુ એક ભારે વરસાદી રાઉન્ડની શરૂઆત થવા જઈ રહી છે. રાજયમાં આગામી દિવસોમાં મેઘરાજા ફરી એકવાર ધમાકેદાર બેટિંગ કરે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગ્રહો અને નક્ષત્રોનું પરિવર્તનજ્યોતિષીય ગણતરી મુજબ, આગામી ૧ થી ૩ ઓગસ્ટ વચ્ચે મંગલ અને શુક્ર ગ્રહોનું ગોચર થવા જય રહ્યું છે. તથા આશ્લેષ નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થશે તેથી ગ્રહો અને નક્ષત્રોના સ્થાનમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. આ ગ્રહ ગોચર ગુજરાતમાં અનરાધાર વરસાદ લાવવા માટે સૌથી મહત્વનું પરિબળ સાબિત થશે. ગ્રહોની આ સ્થિતિના કારણે મેઘરાજા આક્રમક મૂડમાં જોવા મળશે અને રાજયના અનેક વિસ્તારોને જળબંબાકાર કરી શકે છે.

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં એલર્ટજયપ્રકાશ માઢકની આગાહી મુજબ, આગામી ૩૧ જુલાઈ થી ૩ ઓગસ્ટ વચ્ચે ગુજરાત અને પડોશી રાજ્ય રાજસ્થાનમાં ભારેથી અતિ ભારે વરસાદની પ્રબળ શક્યતાઓ રહેલી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આ દિવસો દરમિયાન અત્યંત ભારે વરસાદ ખાબકી શકે છે, જેથી સ્થાનિક લોકોને સતર્ક રહેવા માટે જણાવવામાં આવ્યું છે.

## અંબાલાલ પટેલે શું કહ્યું 30 જુલાઈથી 3 ઓગષ્ટ સુધીમાં અતિ ભારે વરસાદની આગાહી



### એક સાથે 5 વરસાદી સિસ્ટમોને કારણે છોતરાફાડ વરસાદ થશે પૂર આવશે ?

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

હવામાન આગાહીકાર અંબાલાલ પટેલે ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદને લઈને મહત્વપૂર્ણ આગાહી વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા મુજબ રાજયમાં સક્રિય બનેલી પાંચ વરસાદી સિસ્ટમોના કારણે આગામી ૪૮ કલાક દરમિયાન અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. જ્યારે ૩૦ જુલાઈથી ૩ ઓગસ્ટ દરમિયાન વરસાદી સિસ્ટમ વધુ મજબૂત બનતાં રાજયના અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસવાની સંભાવના છે. હવામાન આગાહીકાર અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ આગામી ૪૮ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ પણ નોંધાઈ શકે છે. રાજ્ય પર એકસાથે ૫ વરસાદી સિસ્ટમોની અસર જોવા મળી રહી હોવાનું જણાવતા અંબાલાલ પટેલે કહ્યું કે તેના કારણે વરસાદની તીવ્રતામાં વધારો થઈ શકે છે. ખાસ કરીને ૩૦ જુલાઈથી ૩ ઓગસ્ટ વચ્ચે સિસ્ટમ વધુ મજબૂત બનતાં રાજયના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સ્થિતિ સર્જાઈ શકે છે.

મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં સારો વરસાદ થઈ શકે છે. કેટલાક વિસ્તારોમાં કુલ વરસાદનું પ્રમાણ ૩થી ૨૦ ઈંચ સુધી પહોંચી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. નદી-નાળાઓમાં પાણીની આવક વધવાની તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં પણ ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. ૮ ઓગસ્ટની આસપાસ બંગાળના ઉપસાગરમાં વધુ એક વરસાદી સિસ્ટમ સર્જાઈ શકે છે. આ સિસ્ટમ સક્રિય બન્યા બાદ ગુજરાતમાં ફરી વરસાદી માહોલ મજબૂત બનવાની સંભાવના છે. અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર ૫થી ૧૪ ઓગસ્ટ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

### જ્ઞાતિ નહીં ગરીબીને આધારે અનામત આપો

# ગુજરાતમાં વિરોધની લહેર, અનામત હટાવો 'ટ્રેન્ડિંગ' !

## સોશિયલ મીડિયામાં સળવળાટઃ પાસ–SPGનું સમર્થન

- અભિયાનમાં ઈન્સ્ટાગ્રામ પેજને 24 કલાકમાં 50 લાખથી વધુ ફોલોઅર્સ મળતા ભારે ચર્ચા
- આગેવાનોની માંગ આઝાદીના 75 વર્ષ પછી હવે દેશમાં અનામત નિતીમાં સુધારો જરૂરી

**સિટી ન્યૂઝ@સુરત**

દિલ્હી ખાતે વિરોધ પ્રદર્શનની શાહી હજુ સુકાઈ નથી ક્યાં ગણતરીના કલાકોમાં જ સોશિયલ મીડિયા પર 'રિઝર્વેશન હટાવો આંદોલન' (RIA) નામના અનામત વિરોધી જૂથે જોર પકડ્યું છે. આ અભિયાનના ઈન્સ્ટાગ્રામ પેજને માત્ર ૨૪ કલાકમાં જ ૫૦ લાખથી વધુ ફોલોઅર્સ મળતાં સમગ્ર દેશ સહિત ગુજરાતના રાજકારણ અને સામાજિક વર્તુળોમાં પણ ભારે સળવળાટ શરૂ થયો છે.રાજ્યમાં અનામત આંદોલનનો ચહેરો બનેલા પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS) અને સરદાર પટેલ ગ્રુપ (SPG) ના આગેવાનોએ પણ આ




સોશિયલ મીડિયા અભિયાનને ખુલ્લું સમર્થન આપ્યું છે. આગેવાનોએ માંગ કરી છે કે આઝાદીના ૭૫ વર્ષ પછી હવે દેશમાં અનામતની નીતિમાં સુધારો જરૂરી છે અને અનામત જ્ઞાતિ આધારિત નહીં, પરંતુ માત્ર ગરીબી અને આર્થિક સ્થિતિના આધારે જ મળવી જોઈએ.જ્ઞાતિ નહીં, ગરીબીના આધારે અનામત આપોઃ પાસ-SPG આગેવાનોના નિવેદન અનામત નીતિમાં સુધારાની માંગ સાથે મુખ્ય નેતાઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે.દિલ્હીમાં નીટ (NEET) પેપર લીક અને અન્ય મુદ્દાઓને લઈને જેન-ઝી (Gen-Z) યુવાનોના વિરોધ પ્રદર્શનો શાંત પડ્યા બાદ, જાહેર મુદ્દાઓ પર સોશિયલ મીડિયા સંચાલિત ઝુંબેશોએ વેગ પકડ્યો છે. ગુજરાતમાં સામાન્ય વર્ગના યુવાનોનો આક્ષેપ છે કે શિક્ષણ અને નોકરીઓમાં EWS (આર્થિક રીતે નબળા વર્ગ) ના યુવાનોને સમાન તકો મળતી નથી. અનામતનો મોટાભાગનો લાભ શહેરોમાં રહેતા આર્થિક રીતે સક્ષમ વર્ગો પચાવી પાડે છે, જ્યારે ગામડાંના ગરીબ યુવાનો પાછળ રહી જાય છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર આંદોલનથી ધમધમી ઊઠેલા ગુજરાતમાં સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલા આ નવા 'રિઝર્વેશન હટાવો આંદોલન'માં પાસ અને એસપીજીના આગેવાનો જોડાવવાથી રાજકીય અને સામાજિક ગરમાવો ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે.

### જેને ખરેખર જરૂર છે તેને જ અનામત મળવું જોઈએ

SPGના લાલજી પટેલે જણાવ્યું હતું કે "અમે ભૂતકાળમાં જે આંદોલન કર્યું હતું તે યોગ્ય વ્યક્તિને ન્યાય મળે તે માટે હતું. પરંતુ વર્તમાન સ્થિતિ એ છે કે માત્ર સંપન્ન અને પૈસાવાળો વર્ગ જ અનામતનો મોટો લાભ લઈ રહ્યો છે, જ્યારે ગ્રામીણ ક્ષેત્રના જરૂરિયાતમંદ યુવાનો વંચિત રહી જાય છે. જ્ઞાતિના આધારે નહીં, પણ જેને ખરેખર જરૂર છે તેને જ અનામત મળવું જોઈએ."

### આઝાદીના ૭૫ વર્ષ પછી અનામત નીતિની સમીક્ષા...!

PAASના નેતા દિનેશ બાંભણિયાએ જણાવ્યું હતું કે "આઝાદીના ૭૫ વર્ષ પછી અનામત નીતિની સમીક્ષા અને સુધારો એ સમયની માંગ છે. સામાન્ય વર્ગ (EWS) ના યુવાનોને નોકરી અને શિક્ષણ ક્ષેત્રે અન્યાય થઈ રહ્યો છે. આ અસમાનતા દૂર કરી સાચા જરૂરિયાતમંદ પરિવારો સુધી લાભ પહોંચાડવા માટે પ્રયાસો થવા જરૂરી છે."

### અનામતની સમીક્ષા અને સુધારાની માંગ ઊઠી

PAASના નેતા વરૂણ પટેલે જણાવ્યું હતું કે "દેશભરમાં જ્યારે અનામતની સમીક્ષા અને સુધારાની માંગ ઊઠી છે, ત્યારે અમે ચર્ચા-વિચારણા કરીને તેમાં સહભાગી થઈશું. યુવાનોનો આ રોષ ભવિષ્યમાં એક ઐતિહાસિક આંદોલનનું રૂપ ધારણ કરશે."

### ગુજરાતમાં અનામતનું વર્તમાન માળખું

રાજ્યમાં હાલ વિવિધ વર્ગો માટે બંધારણીય જોગવાઈઓ મુજબ અનામતની ટકાવારી નીચે મુજબ છે

| વર્ગ / કેટેગરી | અનામત ટકાવારી | આધારીત પરિબળ |
|---|---|---|
| અનુસૂચિત જાતિ (SC) | ૭% | બંધારણના અનુચ્છેદ ૧૫ અને ૧૬ મુજબ (વસ્તી આધારિત) |
| અનુસૂચિત જનજાતિ (ST) | ૧૫% | બંધારણના અનુચ્છેદ ૧૫ અને ૧૬ મુજબ (વસ્તી આધારિત) |
| સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (OBC) | ૨૭% | એકથી વધુ જ્ઞાતિઓનો સમૂહ (વસ્તી આધારિત નહીં) |
| આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | ૧૦% | SC, ST, OBC સિવાયની તમામ જ્ઞાતિઓ માટે (આર્થિક આધાર) |

# હાર્ટ એટેક તપાસ સમિતિ મામલે RTIમાં યુએન મહેતાનો ઉડાઉ જવાબ

- **વર્ષ 2023 માં ભારે ઉહાપોહ બાદ હાર્ટ એટેકથી થતા મોતની તપાસ માટે સરકારે કમિટી બનાવી હતી, જેની કામગીરી શૂન્ય**
- **જાગૃત નાગરિક રમેશભાઈ જીલરીયાની આરટીઆઈમાં ચોંકાવનારો ખુલાસોઃ 2021થી 2024ના મોતના આંકડા જ તંત્ર પાસે નથી !**
- **‘કમિટીનો નિર્ણય હજુ અનિર્ણિત છે’ - યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટના જાહેર માહિતી અધિકારીનો બેશરમ અને ગોળગોળ જવાબ**




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં યુવાનો અને હસતા-રમતા લોકો અચાનક હાર્ટ એટેક અને કાર્ડિયાક અરેસ્ટનો શિકાર બનીને ટપોટપ મોતને ભેટી રહ્યા છે. કોઈ પરિવાર પોતાનો જુવાનજોધ દીકરો ગુમાવી રહ્યો છે, તો કોઈ ઘરનો મોભી. વર્ષ ૨૦૨૩ માં હાર્ટ એટેકના બનાવોમાં અચાનક થયેલા ચિંતાજનક વધારાને પગલે રાજ્યભરમાં ભારે ઉહાપોહ મચ્યો હતો. પ્રજાના રોષને શાંત કરવા તત્કાલીન આરોગ્ય મંત્રીએ તારીખ ૨૩/૧૦/૨૦૨૩ ના રોજ યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા એક ખાસ તપાસ સમિતિ (કમિટી) બનાવવાની જાહેરાત કરી હતી. પરંતુ, આ ગંભીર મુદ્દે સરકાર અને હોસ્પિટલ તંત્ર કેટલું ઉદાસીન છે, તેનો સનસનીખેજ પર્દાફાશ એક જાગૃત નાગરિકે કરેલી આરટીઆઈ (RTI) માં થયો છે.

જાગૃત નાગરિક રમેશભાઈ (રણમલભાઈ) જીલરીયા દ્વારા હાર્ટ એટેકના વધતા કારણો જાણવા માટે આરોગ્ય વિભાગમાં એક RTI દાખલ કરવામાં આવી હતી. આ અરજી તબદીલ થઈને યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ખાતે પહોંચી હતી. અરજદારે વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ દરમિયાન હાર્ટ એટેક અને કાર્ડિયાક એટેકના કારણે કેટલા લોકોએ જીવ ગુમાવ્યા તેનો સ્પષ્ટ આંકડો માંગ્યો હતો.

આશ્ચર્યજનક રીતે, જાહેર માહિતી અધિકારીએ અત્યંત ઉડાઉ અને ગોળગોળ જવાબ આપતા જણાવ્યું કે, "આવી માહિતી નિભાવવામાં આવતી નથી" અને "ઉક્ત સમયગાળાનું રેકોર્ડ ચકાસવું પડે". જ્યારે રાજ્યની સૌથી મોટી કાર્ડિયોલોજી ઈન્સ્ટિટ્યૂટ પાસે જ હાર્ટ એટેકથી થયેલા મોતના સત્તાવાર આંકડા નથી, તો પછી સરકાર દ્વારા બનાવવામાં આવેલી કમિટીએ અત્યાર સુધી કયા ડેટાના આધારે તપાસ કરી હશે તે એક બહુ મોટો સવાલ છે.

RTI નો બીજો સૌથી મહત્વનો મુદ્દો એ હતો કે ૨૩/૧૦/૨૦૨૩ ના રોજ હાર્ટ એટેકના કારણો જાણવા બનાવેલી કમિટીએ અત્યાર સુધીમાં શું કાર્યવાહી કરી? તેની વિગતો આપવા જણાવાયું હતું.

જેના જવાબમાં જાહેર માહિતી અધિકારીએ બેશરમીથી સ્વીકાર્યું છે કે, "કમિટીનો નિર્ણય અનિર્ણિત છે." આ જવાબ સરકારની સંવેદનહીનતાનો જીવતો જાગતો નમૂનો છે. મહિનાઓ વીતી જવા છતાં કમિટી કોઈ જ તારણ પર પહોંચી શકી નથી અને પ્રજા હજુ પણ મોતના ભય હેઠળ જીવી રહી છે.

## મુખ્ય 3 સવાલો અને તંત્રના બેશરમ જવાબો

- **સવાલ : વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ દરમિયાન હાર્ટ એટેકથી કેટલા લોકોના મોત થયા?**
- **તંત્રનો જવાબઃ આવી માહિતી નિભાવવામાં આવતી નથી, રેકોર્ડ ચકાસવું પડે.**
- **સવાલ : તારીખ 23/10/2023 ના રોજ બનાવેલી કમિટીએ કરેલી કાર્યવાહીનો રિપોર્ટ આપો.**
- **તંત્રનો જવાબઃ આ કમિટીનો નિર્ણય હજુ સુધી "અનિર્ણિત" છે.**
- **સવાલ : હાર્ટ એટેક પાછળ કોરોના વાયરસ, વેક્સિન કે અન્ય કયા કારણો જવાબદાર છે તેની તપાસ થઈ છે ખરી?**
- **તંત્રનો જવાબઃ કોઈ સ્પષ્ટ જવાબ નહીં, માત્ર ગોળગોળ વાતો કરી વાસ્તવિક માહિતી આપવાનો ઈન્કાર.**

## કોરોના વેક્સિન અને ટ્રીટમેન્ટ અંગે પણ મૌન

ત્રીજા મુદ્દામાં અરજદારે પૂછ્યું હતું કે, શું હાર્ટ એટેક પાછળ કોરોના વાયરસ, કોરોનાની ટ્રીટમેન્ટ, વેક્સિન કે પછી નકલી ખાદ્ય પદાર્થો જવાબદાર છે કે કેમ? આ સળગતા સવાલનો પણ કોઈ જ સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો નથી. જાગૃત નાગરિકે બીજી વખત RTI કરી છતાં અધિકારીઓને આમાં કોઈ ‘જાહેર હિત’ દેખાતું નથી. આવા ગંભીર વિષયે તંત્રના આવા ગલ્લાતલ્લાં અને ગોળગોળ જવાબો જોઈને સામાન્ય માણસનું મગજ કામ કરતું બંધ થઈ જાય તેવી દયનીય સ્થિતિ છે.

## સરકાર જનતાને ગુમરાહ કરવાનું બંધ કરેઃ જાગૃત નાગરિકનો આક્રોશ

આરટીઆઈ કરનાર રમેશભાઈ જીલરીયાએ આક્રોશ ઠાલવતા જણાવ્યું છે કે, આ મોતની તલવાર સૌના માથે ઝળુંબી રહી છે. ક્યારે કોનો વારો આવી જાય તે કહી શકાય નહીં. સરકારે હાર્ટ એટેક રોકવા માટે શું પગલાં લીધા છે તે સાર્વજનિક કરવું જોઈએ. માત્ર ઉહાપોહ શાંત કરવા કમિટી બનાવવાનું નાટક કરવાને બદલે, સરકારે ભોગ બનનારના પરિવારોને આર્થિક વળતર આપવું જોઈએ. તેમણે મીડિયાને પણ અપીલ કરી છે કે આ ઘોર બેદરકારી અને ગુમરાહ કરતી નીતિ મુદ્દે સરકારને સીધા સવાલો કરવામાં આવે.

### સુરતમાં પીટીના પિરિયડ દરમિયાન ધાબા પર લાઈટના થાંભલાને અડી જતા દાઝ્યો હતો

# સ્કુલમાં વિદ્યાર્થીને વીજ કરંટ લાગતા મોત





**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના માનદરવાજા વિસ્તારમાં આવેલી સુમન શાળા નંબર ૧૬માં શાળાની કથિત બેદરકારીને કારણે એક વિદ્યાર્થીનો જીવ ગયો છે. પીટીના પિરિયડ દરમિયાન ધાબા પર ગયેલા ધોરણ-૯ના વિદ્યાર્થી અબ્દુલ રહેમાન મહમદ સલીમનું વીજ કરંટ લાગવાથી કરૂણ મોત નીપજ્યું છે.ધાબા પર લગાવેલા લોખંડના લાઇટના થાંભલાને અડી જતાં જ ગંભીર રીતે દાઝી ગયેલા વિદ્યાર્થીને બચાવી શકાયો નહોતો, જેના પગલે પરિવારજનો અને સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે.ઘટનાની જાણ થતાં જ પોલીસ અને સંબંધિત અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા અને હાલ સમગ્ર મામલે તપાસ હાથ ધરીને બેદરકાર જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માગ ઉઠી રહી છે.

### વારાણસી સ્કૂલમાં પેન્ટમાં પેશાબ કરવા બદલ

## સ્કૂલમાં બાળકના ગુપ્તાંગ પર લાઈટરથી ડામ દીધા

**સિટી ન્યૂઝ@વારાણસી**



વારાણસીની એક શાળામાં એક શિક્ષક દ્વારા અમાનવીય વર્તનનો મામલો સામે આવ્યો છે. બાળકને તેના પેન્ટમાં પેશાબ કરવા બદલ સજા આપવામાં આવી હતી. ઉત્તર પ્રદેશના વારાણસીમાં એક શાળાના શિક્ષક દ્વારા અમાનવીય વર્તનનો મામલો પ્રકાશમાં આવ્યો છે. એવો આરોપ છે કે શિક્ષિકા પાંચ વર્ષના છોકરાના પેન્ટમાં પેશાબ કરવાથી એટલી નારાજ હતી કે તેણે તેને માર માર્યો. બાળકના પિતા, જે એક વકીલ છે, તેમણે લાલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ અમાનવીય ઘટનાનું વર્ણન કરતી વખતે તે મીડિયા સામે રડી પડ્યો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. હવે, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આ અમાનવીય ઘટનાનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે આ ઘટનાને ગંભીર ગણાવી. X પર એક પોસ્ટમાં, SP પ્રમુખે જણાવ્યું હતું કે આ એક ખૂબ જ ગંભીર બાબત છે, જેની બાળક પર જીવનભર પીડાદાયક અને ભયાનક અસર પડી શકે છે. શિક્ષકોમાં બાળકો સાથે સહાનુભૂતિ અને માનવતા સાથે વર્તવાની સમજ હોવી જોઈએ. તેમણે આ મામલે તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી.

## ધો.1માં પ્રવેશ માટે બાલવાટિકાના પ્રમાણપત્ર રજૂ કરવામાંથી મુક્તિ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજ્યમાં નવી શિક્ષણ નીતિના અમલીકરણના ભાગરૂપે શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા અમુક વર્ષથી ધો.૧માં પ્રવેશની વયમર્યાદા ૬ વર્ષ કરી છે અને ૬ વર્ષ કરતા નાના અને ૫ વર્ષ કરતા મોટા બાળકો માટે બાલવાટિકાનો અમલ શરૂ કર્યો છે. જોકે, આ નિર્ણય બાદ ઘણી ખાનગી શાળાઓ દ્વારા બાલવાટિકાના પ્રમાણપત્રનો ફરજિયાતપણે હઠાગ્રહ રખાતો હોવાની ફરિયાદો ઊઠી હતી.જેથી ધો.૧માં પ્રવેશ આપતી વખતે ફરજિયાત પણે બાલવાટિકાનું સર્ટિફિકેટ માગતી શાળાઓને શિક્ષણ વિભાગ દ્વારા કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ તમામ શાળાઓને જણાવ્યું છે કે, ધો.૧માં પ્રવેશ માટે બાલવાટિકાનું સર્ટિફિકેટ જરૂરી નથી. માત્ર બાળકના જન્મનું સર્ટિફિકેટ જ મુખ્ય આધાર ગણવાનો રહેશે.ધો.૧માં પ્રવેશ માટે બાલવાટિકાના પ્રમાણપત્રના હઠાગ્રહ રાખવામાં આવતો હોવાની ફરિયાદોના પગલે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે, ધો.૧માં પ્રવેશ માટે બાલવાટિકા (પ્રિ-સ્કૂલિંગ) પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવું બિલકુલ ફરજિયાત નથી. કાયદાકીય જોગવાઈ મુજબ, પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ માટે જન્મ, મરણ, લગ્ન નોંધણી અધિનિયમ હેઠળ આપેલા જન્મના પ્રમાણપત્ર અથવા અન્ય નિયત દસ્તાવેજના આધારે માત્ર ઉંમર નક્કી કરવાની રહે છે. એટલું જ નહીં, ઉંમરની સાબિતીના અભાવે પણ કોઈ પણ બાળકને શાળામાં પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકાતો નથી.

# અમદાવાદના નામાંકિત ચહેરાનો પડદો ઊંચકાયો

### અમદાવાદની જાણીતી હોટેલ માલિક

## પતંગ હોટેલના માલિક ઊમંગ કક્કડની ધરપકડ



### સૂરતના જમીન અને પ્લોટના નામે નાગરિકો સાથે કરોડો રૂપિયાની છેતરપીંડી કરી હતી

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં જમીન અને પ્લોટના નામે નાગરિકો સાથે લાખો-કરોડો રૂપિયાની છેતરપિંડીના કેસમાં કામરેજ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. અમદાવાદની જાણીતી પતંગ હોટેલના માલિક ઉમંગ હરીભાઈ ઠક્કરની ધરપકડ કરીને તેને જેલના હવાલે કરવામાં આવ્યો છે. આરોપી દ્વારા ખોટા પ્રોજેક્ટના નામે લોકોને વિશ્વાસમાં લઈને કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

કામરેજ પોલીસ સ્ટેશનમાં એપ્રિલ ૨૦૨૬માં નોંધાયેલા ગુના મુજબ ઉમંગ ઠક્કરે કામરેજના ખોલવડ ગામમાં 'નિર્વાણા' નામનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. જોકે, જે જમીન પર પ્રોજેક્ટ દર્શાવવામાં આવ્યો હતો તે જમીન વર્ષ ૨૦૧૮માં જ અન્ય વ્યક્તિને વેચાઈ ચૂકી હતી. જમીનનું ટાઇટલ ક્લિયર ન હોવા છતાં આરોપીએ ખુલ્લા પ્લોટના વેચાણ અને બુકિંગ શરૂ કરીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા.

પોલીસ તપાસ અનુસાર આરોપીએ ૧૫થી વધુ ફરિયાદીઓને પ્લોટ આપવાના વાયદા કરીને તેમની પાસેથી કુલ ૧ કરોડ ૫૬ લાખ વસૂલ્યા હતા. પરંતુ ન તો પ્લોટની ફાળવણી કરવામાં આવી અને ન તો ફરિયાદીઓના નાણાં પરત આપવામાં આવ્યા. લાંબા સમય સુધી રાહ જોયા બાદ ભોગ બનનારાઓએ પોલીસનો આશરો લીધો હતો.

ભોગ બનનાર મહિલા સહિત અન્ય નાગરિકોની લેખિત ફરિયાદના આધારે કામરેજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આરોપી લાંબા સમયથી પોતાના પ્રભાવ અને રાજકીય પહોંચનો ઉપયોગ કરીને પોલીસથી બચવાનો પ્રયાસ કરતો હતો. જોકે, આખરે પોલીસે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અને જેલના હવાલે કર્યો છે.

કામરેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.બી. ગોજિયાના જણાવ્યા મુજબ, એપ્રિલ ૨૦૨૬માં બી.એન.એસ.ની કલમ ૩૧૬ અને ૩૧૮ હેઠળ ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન ઉમંગ હરીભાઈ ઠક્કરે ખોલવડ ગામમાં ટાઇટલ ક્લિયર ન હોય તેવી જમીન પર 'નિર્વાણા' પ્રોજેક્ટના નામે પ્લોટ વેચાણ શરૂ કરીને ૧૫થી ૧૬ જેટલા ફરિયાદીઓ પાસેથી કુલ ૧.૫૬ કરોડ વસૂલ્યા હોવાનું બહાર આવ્યું છે. હાલ આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને તપાસ આગળ વધતા અન્ય મહત્વના ખુલાસા થવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.



AI IMAGE

### પોપ્યુલર બિલ્ડર ગ્રુપ સાથે સંકળાયેલ

## Easy Pay એપ્લિકેશનના સ્થાપક નિલય પટેલની બળાત્કાર કેસમાં ધરપકડ

### મુંબઈની હોટલમાં યુવતી પર બળાત્કાર ગુજાર્યાનો સનસનીખેજ આરોપ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના જાણીતા 'પોપ્યુલર બિલ્ડર ગ્રુપ' સાથે સંકળાયેલા અને 'ઈઝી-પે' એપ્લિકેશનના સ્થાપક નિલય જશભાઈ પટેલની મુંબઈ પોલીસે ધરપકડ કરતાં ખળભળાટ મચી ગયો છે. એસ.જી. હાઈવે પર ઓફિસ ધરાવતા અને બાંધકામ ક્ષેત્રે સક્રિય આ બિલ્ડરની ધરપકડને પગલે અમદાવાદ અને મુંબઈના રિયલ એસ્ટેટ વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

મુંબઈ પોલીસ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપી નિલય પટેલ પોતાના વ્યવસાયિક કામકાજ માટે મુંબઈ ગયો હતો અને ત્યાં એરપોર્ટ નજીકની એક ફાઈવસ્ટાર હોટલમાં ઉતર્યો હતો. આ જ હોટલમાં દિલ્હીની એક પરિચિત યુવતી પણ રોકાયેલી હતી. ગત ૨૧ જુલાઈના રોજ બપોરે અંદાજે ૩:૩૦ વાગ્યે નિલય યુવતીની પરવાનગી વિના તેના રૂમમાં ઘૂસી ગયો હતો.

કરવાનો અને બળજબરીથી અડપલાં કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, યુવતીએ હિંમતપૂર્વક પ્રતિકાર કરીને તેને રૂમની બહાર કાઢી મૂક્યો હતો. આ ઘટના બાદ પણ આરોપી



રોકાયો ન હતો અને ૨૧થી ૨૨ જુલાઈ વચ્ચે તેણે ફોન કોલ્સ અને મેસેજ દ્વારા યુવતીની સતત પજવણી કરી હતી. પીડિતાના સનસનીખેજ આક્ષેપ મુજબ, ૨૨ જુલાઈના રોજ આરોપીએ તેની સાથે બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. આખરે કંટાળીને ૨૩ જુલાઈએ રાત્રે ૧૧:૨૫ કલાકે પીડિતાએ મુંબઈના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નિલય પટેલ સામે વિધિવત ફરિયાદ નોંધાવી હતી. આ ગંભીર ગુના સબબ એરપોર્ટ પોલીસે ૨૪ જુલાઈના રોજ આરોપી નિલયની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા કોર્ટે તેના ૨૯ જુલાઈ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.



# દિકરીએ ‘પ્રેમ’ કરવા બદલ માતાએ મારી નાંખી

## બીજી જ્ઞાતિના યૂવક સાથે દિકરી પ્રેમમાં હતી

## માતાએ જ 20 વર્ષની પુત્રીનું ગળું દબાવી હત્યા કરી



**સિટી ન્યૂઝ@ઉલ્હાસનગર**

મહારાષ્ટ્રના ઉલ્હાસનગરમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમસંબંધ હોવાના મુદ્દે થયેલા વિવાદ બાદ માતાએ જ પોતાની ૨૦ વર્ષની પુત્રીની ગળું દબાવી હત્યા કરી હોવાનો આરોપ છે. પોલીસે આરોપી માતાની ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે. ઉલ્હાસનગર-૧ વિસ્તારમાં આવેલા ભૈયાસાહેબ આંબેડકર નગરમાં રહેતી અમૃતા ગરડ નામની યુવતીને અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમસંબંધ હતો. અમૃતાની માતા આશા ગરડને આ સંબંધનો સખત વિરોધ હતો. આ મુદ્દે છેલ્લા કેટલાક સમયથી પરિવારમાં તણાવ ચાલી રહ્યો હતો.

રવિવારે મધરાતે આશરે ૨ વાગ્યે માતા અને પુત્રી વચ્ચે ફરી ઉગ્ર બોલાચાલી થઈ હતી. તે સમયે ઘરમાં અમૃતાના પિતા અને બે ભાઈઓ સૂતા હતા. વિવાદ બાદ અમૃતા ઘર છોડીને જવાની તૈયારીમાં હતી ત્યારે ગુસ્સે ભરાયેલી માતાએ દુપટ્ટાથી તેનું ગળું દબાવી દીધું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ ઘટનામાં અમૃતાનું સ્થળ પર જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં અમૃતાના પિતાએ ઉલ્હાસનગર પોલીસ સ્ટેશન નંબર-૧માં જઈ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી અને આરોપી માતા આશા ગરડની ધરપકડ કરી હતી.


પોલીસે આરોપી સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ સમગ્ર ઉલ્હાસનગર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. પોલીસે ઘટનાના તમામ પાસાઓની તપાસ શરૂ કરી છે અને પરિવારજનોના નિવેદનો પણ નોંધવામાં આવી રહ્યા છે.

### પ્રેમસંબંધનો વિરોધ બન્યો હત્યાનું કારણ

પ્રાથમિક તપાસ મુજબ, યુવતી અન્ય જ્ઞાતિના યુવક સાથે લગ્ન કરવા ઈચ્છતી હતી, જ્યારે તેની માતા આ સંબંધનો સતત વિરોધ કરતી હતી. આ મુદ્દે ઘરમાં વારંવાર ઝઘડા થતા હતા. પોલીસે જણાવ્યું કે મધરાતે થયેલા વિવાદ દરમિયાન ગુસ્સામાં માતાએ દુપટ્ટાથી પુત્રીનું ગળું દબાવી દીધું, જેના કારણે તેનું મોત થયું. હાલ આરોપી માતાની ધરપકડ કરીને સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ ચાલી રહી છે.

## પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી

# પતિએ પત્નીને ડંડાથી ફટકારી મારી નાંખી





## લાઈવ વીડિયો બનાવી સાસરિયાઓને મોકલ્યો

**સિટી ન્યૂઝ@બેંગ્લુરુ**

સાત ફેરા લઈને સાત જન્મો સુધી સાથે રહેવાની કસમો ખાનાર પતિએ જ પોતાની પત્નીને એવી દર્દનાક મોત આપી કે સાંભળનારાઓની પણ રૂંવાડા ઊભા થઈ જાય. કર્ણાટકના બાગલકોટ જિલ્લામાં બનેલી આ ઘટનાએ સમગ્ર માનવતાને શરમમાં મૂકી દીધી છે. પ્રવીણ નામના શખ્સને પોતાની ૨૩ વર્ષીય પત્ની ભાગ્યશ્રીના ચારિત્ર્ય પર શંકા હતી, અને આ માત્ર શંકાના આધારે તેણે પોતાની પત્નીની હત્યા જેવું જઘન્ય કૃત્ય આચર્યું હતું.

આરોપી પ્રવીણ જિગલૂરે પહેલા પોતાની પત્ની ભાગ્યશ્રીને લાકડાના ડંડાથી નિર્દયતાથી ફટકારી હતી અને ત્યારબાદ તેને પોતાના હાથે જ ફાંસીના ફંદા પર લટકાવી દીધી હતી. હવસ અને ગુસ્સામાં અંધ બનેલા આ પતિનું મન આટલેથી ન અટક્યું, તેણે ફાંસી પર લટકીને તરફડી રહેલી પત્નીનો એક ખૌફનાક વીડિયો પણ બનાવ્યો હતો.

આરોપી પતિએ પોતાની પત્ની તડપી રહી હતી ત્યારે તેના માતા-પિતાને વીડિયો કૉલ કરીને આ ભયાનક દ્રશ્ય જોવા માટે મજબૂર કર્યા હતા. ફાંદા પર લટકીને જીવ માટે સંઘર્ષ કરી રહેલી દીકરીને જોઈને માતા-પિતા પર શું વીતી હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ આ પાશવી વીડિયો અન્ય


AI IMAGE

કેટલાક લોકો સાથે પણ સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

મૃતક ભાગ્યશ્રી અને પ્રવીણ વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા, જેના કારણે તે છેલ્લા બે મહિનાથી પોતાના પિયર મહાલિંગપુરમાં રહેવા લાગી હતી. ઘટનાના દિવસે પ્રવીણ તેના સાસરે પહોંચ્યો હતો અને પત્ની સાથે હવે શાંતિથી જીવન વિતાવવાનો વિશ્વાસ અપાવીને તેને પાછો લઈ આવ્યો હતો. પરંતુ, ઘેર પહોંચ્યાની તે જ સાંજે તેણે આ ઘાતકી અપરાધને અંજામ આપ્યો.

જે જગ્યાએ પ્રવીણે પોતાની પત્નીને ફાંસી પર લટકાવી હતી, તેની બરાબર પાછળ દીવાલ પર બંનેના નામ લખેલા હતા, જે તેમની યાદગાર લગ્ન પ્રસંગની સાક્ષી પૂરતા હતા. ઘટનાની જાણ થતાં જ બિલાગી પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી પતિની ધરપકડ કરી લીધી છે અને આ કેસમાં આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## બજારમાં ટૂંક સમયમાં 10-20 રૂપિયાની નોટો મુકવામાં આવશે

# ફાઈનલ પ્લાસ્ટિકની નોટો હવે આવે છે

### શરૂઆતથી જ 200 કરોડની નોટો મુકાશેઃ નવી નોટો ફાટશે નહીં, પાણી-ધૂળથી પણ સુરક્ષિત




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

બજારમાં ટૂંક સમયમાં જ ૧૦ અને ૨૦ની પ્લાસ્ટિક નોટો જોવા મળશે. રિઝર્વ બેંક ૧૦૦-૧૦૦ કરોડ એટલે કે કુલ ૨૦૦ કરોડ પોલિમર એટલે કે પ્લાસ્ટિકથી બનેલી નોટો છાપશે. આ પ્લાસ્ટિક કરન્સીનું ટ્રાયલ હશે, જો આ સફળ થશે તો આગળ બીજી નોટો પણ છાપવામાં આવશે. કેન્દ્ર સરકારે આની મંજૂરી આપી દીધી છે. આ માહિતી નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ સોમવારે લોકસભામાં આપી હતી. જોકે, પોલિમર નોટોનું ટ્રાયલ ક્યારે શરૂ થશે, તેની તારીખની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. પોલિમર બેંકનોટનું ટ્રાયલ સફળ થયા પછી RBI ૧૦ અને ૨૦ બંને મૂલ્યની નોટોને નિયમિત રીતે જાહેર કરશે. જોકે કાગળની હાલની કરન્સી પણ ચાલતી રહેશે. તેને બંધ કરવામાં નહીં આવે. ૧૦ દિવસ પહેલા મીડિયા રિપોર્ટ્સમાં જણાવવામાં આવ્યું હતું કે RBI ટૂંક સમયમાં દેશમાં પોલિમરથી બનેલી નોટોનો પહેલો પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહી છે. આ દેશમાં નવી જનરેશનની કરન્સી લાવવાના RBIના પ્લાનનું આગળનું પગલું છે. પોલિમરથી બનેલી બેંકનોટો પરંપરાગત કાગળની નોટોની સરખામણીમાં ઘણી વધુ ટકાઉ હોય છે. આ નોટો પાણી, ગંદકી અને ધૂળમાં પણ સુરક્ષિત રહે છે. આ ઉપરાંત, આ નોટો સરળતાથી ફાટતી પણ નથી. આ કારણોસર, તે બજારમાં લાંબા સમય સુધી ફાટ્યા વિના અને સ્વચ્છ રહે છે. પોલિમર શીટનો સૌથી મોટો ફાયદો એ પણ છે કે તેમાં એડવાન્સ સેફ્ટી ફીચર્સને સરળતાથી ઉમેરી શકાય છે.

### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

## હવે એક અધિકારીને મળશે માત્ર એક જ સરકારી કાર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કેન્દ્ર સરકારએ સરકારી વાહનોના દુરુપયોગને રોકવા અને સરકારી ખર્ચમાં ઘટાડો લાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે "વન ઓફિસર, વન ઓફિશિયલ કાર"ની નવી નીતિ સમગ્ર કેન્દ્ર સરકારના તંત્રમાં અમલમાં મૂકવામાં આવી છે. આ નિયમ હેઠળ જો કોઈ અધિકારીને પહેલેથી જ સરકારી કાર ફાળવવામાં આવી હોય, તો તેને અન્ય કોઈ મંત્રાલય, વિભાગ અથવા સરકારી સંસ્થાનો વધારાનો ચાર્જ મળ્યા બાદ બીજી સરકારી કાર આપવામાં આવશે નહીં.સરકારનું માનવું છે કે આ નિર્ણયથી સરકારી સંસાધનોનો વધુ અસરકારક ઉપયોગ થશે, બિનજરૂરી ખર્ચ ઘટશે અને વહીવટી વ્યવસ્થામાં પારદર્શિતા તેમજ જવાબદારી બંનેમાં વધારો થશે.

નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગ દ્વારા જાહેર કરાયેલા નવા ઓફિસ મેમોરેન્ડમ મુજબ, એક અધિકારીને માત્ર એક જ અધિકૃત સરકારી વાહન મળશે. જો તે જ અધિકારી અન્ય મંત્રાલય, વિભાગ, જાહેર ક્ષેત્રની કંપની (PSU) અથવા સ્વાયત્ત સંસ્થાનો વધારાનો હવાલો સંભાળે, તો પણ તેના માટે અલગ સરકારી



વાહનની વ્યવસ્થા કરવામાં આવશે નહીં. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ એક જ અધિકારીને અનેક સરકારી વાહનો ફાળવવાની પ્રથા પર રોક લગાવવાનો છે.નવી નીતિ અમલમાં આવવાથી અનેક સ્તરે સરકારને લાભ થવાની શક્યતા છે. સૌથી મોટો ફાયદો એ છે કે સરકારી વાહનોનો દુરુપયોગ અટકશે અને એક જ અધિકારી માટે ૨ કે તેથી વધુ વાહનો ફાળવવાની પ્રથા બંધ થશે. આ ઉપરાંત ઈંધણ, વાહનોની જાળવણી, ડ્રાઈવર ખર્ચ અને અન્ય વહીવટી ખર્ચમાં પણ ઘટાડો થશે. પરિણામે જાહેર નાણાંનો વધુ જવાબદારીપૂર્વક ઉપયોગ થઈ શકશે.

## રાજકોટના પાટીદાર ચોકમાં સ્કૂટર સ્લીપ થતા મ્યુઝિક ટીચરનું મોત

### યુનિવર્સીટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના સાધુ વાસવાણી રોડ નજીક પાટીદાર ચોકમાં સ્કૂટર સ્લીપ થતા મ્યુઝિક ટીચર ૬૯ વર્ષીય મિલનભાઈ વ્યાસનું મોત નીપજ્યું હતું. તેમને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો. બનાવના પગલે તેમના સગા - સંબંધીઓ દોડી ગયા હતા. તેમનો પુત્ર મુંબઈ રહેતો હોય તેને જાણ કરાઈ હતી. આ અંગે મળતી માહિતી અનુસાર, મિલનભાઈ શશીનભાઈ વ્યાસ (ઉંમર વર્ષ ૬૯, રહે. વેસ્ટ વ્યુ, પાટીદાર ચોક, સાધુ વાસવાણી ચોક પાસે, રાજકોટ) આજે સવારે ૧૧.૩૦ વાગ્યાં આસપાસ પોતે એક્ટિવા સ્કૂટર લઈને જતા હતા ત્યારે પોતાના ઘર નજીક પાટીદાર ચોક પાસે અચાનક સ્કૂટર સ્લીપ થઈ ગયું હતું. જેમાં મિલનભાઈને ગંભીર ઈજા થઈ હતી. તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.અહીં ઈમર્જન્સી વિભાગમાં ફરજ પર રહેલા ડોક્ટરે મિલનભાઈને જોઈ તપાસીને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ મિલનભાઈના સગા સંબંધીઓને થતા તેઓ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. મિલનભાઈનો એક પુત્ર મુંબઈ ખાતે રહેતો હોય તેને જાણ કરાઈ હતી. આ તરફ યુનિવર્સિટી પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરીને મિલનભાઈના મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો.સગા સંબંધીઓએ જણાવ્યા મુજબ મિલનભાઈ ઈન્દિરા સર્કલ પાસે પોતાના મ્યુઝિક ક્લાસીસ ચલાવતા હતા. તેઓ મ્યુઝિક ટીચર હતા.

## સુરતના નક્ષત્ર સેફ હાઉસનો બનાવ

# લોકરમાંથી 2.67 કરોડના 206 તોલા સોનાની ચોરી

» સંચાલક પિતા–પુત્રોનું લોકર બ્રોકર સાથે મળી કાવતરૂ

સિટી ન્યૂઝ@સુરત





સુરતના સિંગણપોરમાં આવેલા નક્ષત્ર સેફ હાઉસમાંથી ગ્રાહકોના ૨.૬૭ કરોડના ૨૦૬ તોલા સોનાના દાગીના ચોરી થયાના અહેવાલો વહેતા થતાં જ આખા શહેરમાં ખળભળાટ મચી ગયો છે. સિંગણપોર બ્રાન્ચમાં સર્જાયેલી અફરાતફરીના પડઘા સમગ્ર સુરતમાં પડ્યા હતા. સિંગણપોર ઉપરાંત વરાછા ખાતે આવેલી નક્ષત્ર સેફની શાખાઓમાં પણ પોતાના કિંમતી ઘરેણાં અને રોકડ સુરક્ષિત છે કે નહીં તે ચકાસવા માટે બિલ્ડરો સહિત સેંકડો લોકરધારકો દોડી ગયા હતા. જેને પગલે દરેક બ્રાન્ચ બહાર લોકોની લાંબી લાઈનો અને દોડધામના દ્રશ્યો સર્જાયા હતા. ઉલ્લેખનીય છે કે નક્ષત્ર સેફ હાઉસની સુરતમાં ૩ બ્રાન્ચ છે, જેમાં ૨૫૦૦થી વધુ લોકર ઉપલબ્ધ છે. આ સમગ્ર ચર્ચિત પ્રકરણમાં નક્ષત્ર સેફ હાઉસના સંચાલક મહેશ દિયોરા અને તેના બંને પુત્રો હર્ષ દિયોરા અને હરીકૃષ્ણ દિયોરા તેમજ લોકર બ્રેકર મણીલાલ સામે ચોરીની ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ ચોરી કોઈ અચાનક બનેલી ઘટના નથી, પરંતુ સંચાલક પિતા-પુત્રોએ નિષ્ણાત લોકર બ્રેકર સાથે મળીને ગ્રાહકોનું કરોડો રૂપિયાનું સોનું પચાવી પાડવા માટે પૂર્વઆયોજિત કાવતરું ઘડ્યું છે. આ ચારેય જણાએ એકબીજાની મદદગારીથી યોજના બનાવીને ગ્રાહકોની ગેરહાજરીમાં અને તેમની જાણ બહાર અલગ અલગ સમયે લોકરો તોડાવ્યા હતા. લોકરમાંથી કિંમતી સોનાના દાગીના કાઢીને તેને બજારમાં વેચી મારી રકમ પડાવી લેવાનો આખો પ્લાન ઘડ્યો હતો. સિંગણપોર બ્રાન્ચમાં પૂર્વઆયોજિત કાવતરા હેઠળ ગ્રાહકોના સોના-ચાંદીના દાગીના ગાયબ થયા હોવાના વાઈરલ સમાચાર ફેલાતાં જ નક્ષત્ર સેફની અન્ય શાખાઓમાં ખાતા ધરાવતા ગ્રાહકોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

## રાજકોટ પીસીબીનો ભકિતનગર સ્ટેશન પ્લોટમાં ટ્રાન્સપાર્ટમાં દરોડો

# કૂખ્યાત બુટલેગરે દમણથી પાર્સલમાં મોકલાવેલો 2.74 લાખનો દારૂ ઝડપાયો

### કોસ્મેસ્ટીક વસ્તુઓના નકલી બીલ બનાવી દારૂની હેરાફેરી : બેની શોધખોળ

સિટી ન્યૂઝ@રાજકોટ



શહેરમાં દારૂ બંધીના કડક અમલવારી કરવાના પોલીસના અભીયાન દરમ્યાન બુટલેગરો પણ અલગ અલગ નુસ્કા અજમાવી દારૂની હેરાફેરી કરતા હોવાનુ વધુ એક વખત બહાર આવ્યુ છે. પીસીબીની ટીમે ભકિતનગર સ્ટેશન પ્લોટમાં ટ્રાન્સપોર્ટમાં દરોડો પાડી કોસ્મેસ્ટીક વસ્તુના નકલી બીલ બનાવી પાર્સલ કરાયેલો રૂ.૨.૭૪ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈ દમણથી પાર્સલની આડમા દારૂ મોકલનાર નામચીન બુટલેગર અને દારૂની ડીલવરી લેનાર આરોપીઓ સામે ગુનો નોધી આરોપીઓને ઝડપી લેવા દોડધામ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ભકિતનગર સ્ટેશન પ્લોટમાં લાલજી મુળજી ટ્રાન્સપોર્ટમાં પાર્સલની આડમાં દારૂની હેરાફેરી થતી હોવાની માહીતીને આધારે પીસીબીના પીઆઈ ગોંડલીયા સહીતની ટીમે દરોડો પાડી તપાસ કરતા કોસ્મેસ્ટીકના નકલી બીલ બનાવી મોકલવામાં આવેલા પાર્સલની તલાસી લેતા રૂ.૨.૭૪ લાખની કિંમતનો ૧૧૦૪ બોટલ વિદેશી દારૂની બોટલ મળી આવતા પોલીસે તપાસ કરતા આ પાર્સલ રાજકોટના કુખ્યાત બુટલેગર યાકુબ મુસા મોટાણીએ રાજકોટ મોકલનાર હોવાનુ બહાર આવતા પોલીસે વિદેશી દારૂ કબજે કરી યાકુબ તેમજ પાર્સલ લેનાર શખસો સામે ગુનો નોધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસની તપાસમાં તાજેતરમાં પીસીબીની ટીમ ટ્રાન્સપોર્ટની આડમાં યાકુબે પાર્સલ કરેલો વિદેશી દારૂના જથ્થો ઝડપી લીધા બાદ ફરી દારૂ ઝડપાયા બાદ યાકુબને ઝડપી લેવા દોડધામ કરી છે.


## જમીન ફાળવણીની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવાશે

# હવે જમીન ફાળવણી માટે ગાંધીનગરના ધક્કા બંધ : મુખ્યમંત્રીનો માસ્ટરસ્ટ્રોક

### જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સત્તા મર્યાદામાં વધારો કરાયો

સિટી ન્યૂઝ@ગાંધીનગર

ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે હંમેશા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ આપવા સાથે વહિવટી પ્રક્રિયામાં સુધારા અને વ્યાપક સરળીકરણનો અભિગમ અપનાવ્યો છે. આ દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું લઈને મુખ્યમંત્રીએ સરકારી જમીન ફાળવણી કામગીરી ઝડપી બનાવવા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સત્તામર્યાદા વધારી આપી છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, જિલ્લા કલેક્ટરોની સત્તામર્યાદામાં જે વધારો કરવામાં આવ્યો છે તેમાં: રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને ૨ હેક્ટર સુધીની જમીન ફાળવણી માટે કલેક્ટરની નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૧૫ લાખથી વધારીને રૂ. ૧ કરોડ કરવામાં આવી છે.



કેન્દ્ર સરકારના વિભાગોને (જાહેર હેતુ) માટે ૧ હેક્ટર સુધીની જમીન માટે નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૧૫ લાખથી વધારીને રૂ. ૫૦ લાખ કરવામાં આવી છે.

(સરકારી કર્મચારી/વ્યક્તિગત) રહેણાંક હેતુની જમીન ફાળવણી માટે નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૨૦ લાખ કરવામાં આવી છે.

સહકારી ગૃહ નિર્માણ મંડળીઓને જમીન ફાળવણીની નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૬ લાખથી વધારીને રૂ. ૫૦ લાખ કરવામાં આવી છે. વ્યાપારિક હેતુ માટે (હરાજીથી) જમીન ફાળવણીની નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૫ લાખ કરાઈ છે. સહકારી ગોડાઉન અને અન્ય સંસ્થાઓઃ સત્તામર્યાદા રૂ. ૩ લાખથી વધારીને રૂ. ૧૫ લાખ સુધી વધારવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીઓની ગામતળ પ્લોટ ફાળવણીની સત્તામાં જે વધારો કરવામાં આવ્યો છે.

### સગીર પ્રદર્શનકારીઓને તાત્કાલિક મુક્ત કરો

# આંદોલન શાંતિપૂર્ણ હતું; સુપ્રીમ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટમાં ૨૦ જુલાઈએ સંસદ માર્ચ દરમિયાન પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી સાથે જોડાયેલી અરજીઓ પર સુનાવણી ચાલુ છે. કોર્ટે કહ્યું કે વિદ્યાર્થીઓનું પ્રદર્શન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ હતું, તેઓ બંધારણીય મર્યાદામાં રહીને પોતાની માગ ઉઠાવી રહ્યા હતા. કોર્ટે કહ્યું- જેણે પણ જરૂરિયાત કરતાં વધુ બળપ્રયોગ કર્યો છે, તેની સામે કાયદા મુજબ કાર્યવાહી થશે.ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચ આ કેસની સુનાવણી કરી રહી છે. અરજદારો તરફથી રજૂ થયેલા સીનિયર એડવોકેટ ગોપાલ શંકરનારાયણને કહ્યું કે આ




**જરૂરિયાત કરતા વધુ બળ વાપરનારાઓ સામે કાર્યવાહી કરાશે**

મામલો માત્ર દિલ્હીનો નથી, પરંતુ મધ્યપ્રદેશ, નાગપુર, બિહાર સહિત દેશના ઘણા રાજ્યોમાં વિદ્યાર્થીઓના પ્રદર્શન અને પોલીસ કાર્યવાહી સાથે જોડાયેલો છે.CJI સૂર્યકાંતે કહ્યું કે અરજીઓમાં પેલેટ ગન, ઇલેક્ટ્રિક બેટન, લાઠીચાર્જ, ટીયર ગેસનો ઉપયોગ, મહિલાઓ અને પત્રકારો સાથે મારપીટ જેવા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આ આક્ષેપોની સ્વતંત્ર, નિષ્પક્ષ અને પારદર્શી તપાસ કરાવવામાં આવશે. CJIએ કહ્યું- લોકશાહીમાં આંદોલનો થતા રહેશે. જો જવાબદારી નક્કી નહીં થાય, તો તપાસનો કોઈ અર્થ રહેશે નહીં.અરજદારોએ સાદા કપડાંમાં પોલીસકર્મીઓ દ્વારા હિંસા, ઇલેક્ટ્રિક શૉક આપતા હથિયારોનો ઉપયોગ, મહિલાઓ સાથે ગેરવર્તણૂક અને સીનિયર પોલીસ અધિકારીઓની જવાબદારી નક્કી કરવાની માગ પણ ઉઠાવી છે. RJDના રાજ્યસભા સાંસદ મનોજ ઝાની અરજીમાં બિહારના સિવાનમાં પ્રદર્શન દરમિયાન એક પોલીસ અધિકારી દ્વારા AK-૪૭ બંદૂક તાકવા અને તેનો ઉપયોગ કરવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.સુનાવણીના અંતે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જુનૈદ મલિકની અરજી પર બુધવારે સુનાવણી કરવાની માગનો વિરોધ કર્યો.

# CJP પ્રદર્શનમાં 101 હત્યારાઓ સામેલ હતા

**દિલ્હી પોલીસે કહ્યું, પ્રદર્શનમાં રેપિસ્ટ-કિડનેપર્સ સહિત 2873 ગુનેગારો સામેલ હતા 989 ઉપર ગંભીર કેસ દાખલ**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હી પોલીસનો દાવો છે કે કોકરોચ જનતા પાર્ટી (CJP) ના પ્રદર્શનમાં હત્યાના ૧૦૧ આરોપીઓ સામેલ થયા હતા. પ્રદર્શનમાં આવેલા ૨૮૭૩ લોકોનો ક્રિમિનલ રેકોર્ડ એટલે કે ગુનાહિત રેકોર્ડ મળ્યો, જેમાં ૯૮૯ લોકો પર ગંભીર કેસ હતા.તેમની ઓળખ ફેશિયલ રિકગ્નિશન સિસ્ટમ (FRS) અને અન્ય તકનીકી માધ્યમો દ્વારા કરવામાં આવી હતી. પોલીસનો દાવો છે કે પ્રદર્શનમાં સામેલ થયેલા લોકોમાં હત્યા, યૌન અપરાધ, પોક્સો, લૂંટ સહિત અન્ય ગંભીર કેસોના આરોપીઓ છે.CJPએ ૨૦ જુલાઈએ સંસદ ચલો માર્ચ કાઢી હતી. આમાં પોલીસે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો. ૨૫ જુલાઈની સાંજે ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ મંત્રીના પદ પરથી રાજીનામું આપી દીધું. આ પછી પ્રદર્શન સમાપ્ત થઈ ગયું. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ૨૦ જુલાઈના રોજ થયેલી અથડામણમાં ૧૧૮થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. તેમાં સ્પેશિયલ કમિશનર, જોઈન્ટ કમિશનર, એડિશનલ કમિશનર, ડીસીપી, એડિશનલ ડીસીપી અને એસીપી રેન્કના અધિકારીઓ ઉપરાંત અનેક મહિલા પોલીસકર્મીઓ પણ સામેલ હતી.

**આરોપીઓ પર નોંધાયેલા કેસ**

| ગુનો | આરોપી |
|---|---|
| હત્યા | 101 |
| હત્યાનો પ્રયાસ | 62 |
| લૂંટ | 284 |
| દુષ્કર્મ | 61 |
| પોક્સો એક્ટ | 6 |
| મહિલાઓ સામેના ગુના | 25 |
| આર્મ્સ એક્ટ | 229 |
| ચેઈન સ્નેચિંગ/ચોરી | 135 |
| કિડનેપિંગ | 19 |
| એનડીપીએસ એક્ટ | 67 |

### વિદ્યાર્થીઓને કાનૂની મદદ માટે CJPને ફંડમાં યોગદાન

# CJPને કપિલ સિબ્બલ રૂપિયા 1 કરોડ આપશે

### દેશભરના વકીલો પાસેથી પણ મદદ માંગી



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા બનાવવામાં આવેલા ફંડમાં એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. તેમણે દેશભરના વકીલોને પણ આ ફંડમાં યોગદાન આપવા અપીલ કરી છે. CJP એ આ ફંડ ગુનાહિત કેસોનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓની કાનૂની મદદ માટે બનાવ્યું છે.CJP ના પ્રવક્તા સૌરવ દાસે સોમવારે જણાવ્યું હતું કે કેન્દ્રના આશ્વાસન છતાં દેશભરમાં વિદ્યાર્થીઓ વિરુદ્ધ ગુનાહિત કેસ દાખલ થવાની આશંકા છે. તેમણે જણાવ્યું કે પોલીસ દ્વારા દાખલ કરાયેલા કેસોમાં વિદ્યાર્થીઓને કાનૂની સહાય પૂરી પાડવા માટે CJP સુપ્રીમ કોર્ટના વકીલોના સંપર્કમાં છે. આ પ્રસંગે તેમની સાથે કપિલ સિબ્બલ પણ હાજર હતા.સિબ્બલે કહ્યું- મારી તરફથી મેં એક કરોડ રૂપિયાનું યોગદાન આપ્યું છે. હું દેશભરના વકીલોને પણ અપીલ કરું છું કે તેઓ આ ફંડમાં સહયોગ કરે, જેથી પ્રભાવિત લોકોની મદદ કરી શકાય. અમારા વકીલો કાયદાના કથિત દુરુપયોગથી પ્રભાવિત લોકોની સાથે ઊભા છે.જ્યાં પણ ભારતમાં શાંતિપૂર્ણ પ્રદર્શનો થયા છે, ભલે તે બિહાર, આસામ, પશ્ચિમ બંગાળ કે મહારાષ્ટ્ર હોય, અને જ્યાં વિદ્યાર્થીઓ કે પ્રદર્શનકારીઓને નિશાન બનાવવામાં આવ્યા છે.

### ખાનગી એજન્સી નિર્ણય લેશે

# ઈમરજન્સી લેન્ડિંગ થયેલું વિમાન રાજકોટ એરપોર્ટ પર જ રખાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

દુબઈથી મુંબઈ જતી ઈન્ડિગોની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં ટેકઓફ બાદ ધુમાડાની ગંધ અને સંભવિત ટેક્નિકલ ખામીની આશંકા સર્જાતા સોમવારે બપોરે રાજકોટ હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેનું સફળ ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં સવાર તમામ ૧૮૪ મુસાફરો તથા ૭ ક્રૂ સભ્યોનો સુરક્ષિત રીતે બચાવ થતાં મોટી દુર્ઘટના ટળી હતી. લેન્ડિંગ બાદ તમામ મુસાફરોને જરૂરી વ્યવસ્થા કરી તંત્ર દ્વારા તેઓને યોગ્ય સ્થળે પહોંચાડવામાં આવ્યા છે. તેમજ આગામી થોડા દિવસ સુધી આ વિમાન રાજકોટ એરપોર્ટ પર રહેશે અને ચકાસણી અને રિપેરિંગ સહિતની કામગીરી બાદ આગમી નિર્ણય લેવાશે.




દુબઈથી મુંબઈ તરફ જતી ફ્લાઈટ બપોરે લગભગ આશરે ૨:૨૪ વાગ્યે ગુજરાતના આકાશમાં હતી ત્યારે કોકપિટમાં ધુમાડાની ગંધની જાણ થતાં પાયલોટે એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક કરી તાત્કાલિક લેન્ડિંગની મંજૂરી માંગી હતી. નજીકમાં આવેલા રાજકોટ હિરાસર એરપોર્ટને પસંદ કરી વિમાનને ત્યાં ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. એરપોર્ટ ઓથોરિટીએ જાણ મળતા જ સમગ્ર એરપોર્ટ પર હાઈ એલર્ટ જાહેર કર્યું હતું. ફાયર બ્રિગેડ, એરપોર્ટ પોલીસ, સીઆઈએસએફ, એસઓજી, ક્યુઆરટી, મેડિકલ ટીમ અને અન્ય તમામ ઈમરજન્સી સેવાઓને રનવે પર તૈનાત કરવામાં આવી હતી. અંદાજે ૭૦ જેટલી એમ્બ્યુલન્સ, ફાયર ટેન્ડરો તેમજ બચાવ માટે જરૂરી સાધનો પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા હતા. બપોરે આશરે ૩:૨૭ વાગ્યે ફ્લાઈટનું રાજકોટ એરપોર્ટ પર સફળ ઈમરજન્સી લેન્ડિંગ થયું હતું. લેન્ડિંગ બાદ તમામ મુસાફરોને સલામત રીતે વિમાનમાંથી બહાર કાઢી એરપોર્ટ ટર્મિનલમાં ખસેડવામાં આવ્યા હતા. મુસાફરોને કોઈ પ્રકારની ઈજા પહોંચી ન હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે.ઘટનાની જાણ થતાં જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ સહિત વરિષ્ઠ અધિકારીઓ એરપોર્ટ પર દોડી આવ્યા હતા અને સમગ્ર બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ જિલ્લા કલેક્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરી પરિસ્થિતિની માહિતી મેળવી હતી તેમજ મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

પ્રાથમિક તપાસમાં ફ્લાઈટમાં ધુમાડાની ગંધનું ચોક્કસ કારણ સ્પષ્ટ થયું નથી. વિમાનમાં ટેક્નિકલ ખામી હોવાની શક્યતાને ધ્યાનમાં રાખી એરક્રાફ્ટને પાર્કિંગ બેમાં રાખી એન્જિનિયરિંગ ટીમ દ્વારા વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી છે. એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયર દ્વારા એન્જિન, ઇલેક્ટ્રિકલ સિસ્ટમ, વાયરિંગ સહિતના તમામ મહત્વના ભાગોની ચકાસણી કરવામાં આવી રહી છે. જરૂરી જણાય તો ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા ફ્લાઈટ ડેટા રેકોર્ડર અને કોકપિટ વોઈસ રેકોર્ડરની પણ તપાસ કરવામાં આવશે. તેમજ આગામી દિવસોમાં વિમાનને રાજકોટ એરપોર્ટ પર ચકાસણી અર્થે રાખી વધુ નિર્ણય જે તે ખાનગી એજન્સી દ્વારા લેવામાં આવશે. આ સમગ્ર ઘટનામાં એરપોર્ટ પ્રશાસન, સુરક્ષા દળો અને બચાવ ટીમોની ઝડપી કામગીરીને કારણે તમામ મુસાફરો સુરક્ષિત રહ્યા હતા. વિમાનના સફળ લેન્ડિંગ બાદ તંત્ર દ્વારા મુસાફરો માટે જરૂરી તમામ વ્યવસ્થા કરી તેઓને તેમના નક્કી કરેલા સ્થળ સુધી પહોંચાડવામાં આવ્યા છે.

# પેપર લીક મુદ્દે લંડનમા ગુંજ્યો રાજકોટની દીકરીનો અવાજ

## મયુરી પુરોહિતે લંડનમાં ભારતીય વિદ્યાર્થીઓએ ચલાવેલી લડતમાં મળેલી જીત માટે નિર્ભય રીતે ઉઠાવેલ અવાજ પ્રશંસાને પાત્રઃ તુષિત પાણેરી




સિટી ન્યૂઝ@રાજકોટ

નીટ પેપર લીક મુદ્દે દિલ્હી ના જંતર મંતર પર થયેલ Gen Z છાત્રો ના ઉગ્ર આંદોલનના પડઘા વિશ્વભર મા જોવા મળી રહ્યા છે , ત્યારે ગઈકાલે તા - ૨૭ જુલાઈ ના રોજ લંડન મા વસતા ભારતીય વિદ્યાર્થીઓ એ ત્યાંના ટ્રફલગાર સ્કવેર ખાતે એકત્ર થઇને મોદી સરકાર વિરુદ્ધ ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની ઉજવણી કરી હતી. આ પ્રદર્શનમા રાજકોટની મયુરી પુરોહિત જે હાલ



લંડન છે તેઓ પણ ત્યાં પહોંચ્યા હતા અને આ પ્રદર્શન મા પોતાનું વક્તવ્ય આપી કેન્દ્ર સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો અને Gen Z આંદોલન ની સફળતા ને બિરદાવી હતી. ભારતીય વિદ્યાર્થીઓ ના હક અધિકાર અને ન્યાય માટે લંડન મા પોતાનો અવાજ બુલંદ કરવા બદલ મયુરી પુરોહિત ની બાહોશી ને દરેક રાજકોટવાસી તેમજ ગુજરાતીઓ એ બિરદાવી જોઈએ.

# પ્રદ્યુમન પાર્ક ઝૂમાં સિંહબાળોની કિલકારીઓ સિંહણ 'ધરતી' એ આપ્યા 3 સંતાનો




## કુલ સંખ્યા 20 પહોંચી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રદ્યુમ્ન પાર્ક ઝૂમાં એશિયાઈ સિંહોના સંવર્ધન ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. ઝૂની સિંહણ 'ધરતી'એ ૨૨ જુલાઈ, ૨૦૨૬ની રાત્રે ૧૦૭ દિવસની ગર્ભાવસ્થા પૂર્ણ થયા બાદ ત્રણ તંદુરસ્ત સિંહબાળને જન્મ આપ્યો છે. નવા બચ્ચાંના જન્મ સાથે પ્રદ્યુમ્ન પાર્ક ઝૂમાં એશિયાઈ સિંહોની કુલ સંખ્યા વધીને ૨૦ પર પહોંચી છે.

ઝૂ તંત્રના જણાવ્યા મુજબ નવજાત ત્રણેય સિંહબાળ અને તેમની માતા સંપૂર્ણપણે સ્વસ્થ છે. વેટરનરી અધિકારીઓ અને નિષ્ણાતોની ટીમ દ્વારા તેમની સતત આરોગ્ય દેખરેખ રાખવામાં આવી રહી છે. માતા અને બચ્ચાઓને કોઈપણ પ્રકારનો તણાવ ન થાય તે માટે ૨૪ કલાક સીસીટીવી કેમેરા દ્વારા મોનીટરિંગ કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ સિંહણ 'ધારા'એ પણ ત્રણ સિંહબાળને જન્મ આપ્યો હતો. ધારા માટે આ બીજી સુવાવડ હતી. તેણે અગાઉ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બે સિંહબાળને જન્મ આપ્યો હતો. ધરતીના તાજેતરના પ્રસવ બાદ પ્રદ્યુમ્ન પાર્ક ઝૂમાં હાલમાં ૪ પુખ્ત નર, ૮ પુખ્ત માદા, ૨ યુવાન નર અને ૬ નાનાં તથા નવજાત બચ્ચાં સહિત કુલ ૨૦ એશિયાઈ સિંહો છે. અત્યાર સુધીમાં ઝૂમાં કુલ ૫૮ સિંહબાળનો સફળ જન્મ નોંધાયો છે.

સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીના માર્ગદર્શન હેઠળ વિકસિત રાજકોટ પ્રદ્યુમ્ન પાર્ક ઝૂમાં વન્યપ્રાણીઓને કુદરતી વાતાવરણ પૂરું પાડવામાં આવતું હોવાથી એશિયાઈ સિંહ અને સફેદ વાઘના સફળ સંવર્ધનમાં સતત સફળતા મળી રહી છે. વન્યપ્રાણી વિનિમય યોજના હેઠળ રાજકોટ ઝૂએ દેશના અનેક અગ્રણી પ્રાણીઉદ્યાનોને એશિયાઈ સિંહો આપીને તેના બદલામાં અન્ય દુર્લભ પ્રજાતિના પ્રાણીઓ અને પક્ષીઓ મેળવ્યા છે.

હાલ પ્રદ્યુમ્ન પાર્ક ઝૂમાં ૭૦ પ્રજાતિના કુલ ૬૧૪ જેટલા વન્યપ્રાણીઓ અને પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. દર વર્ષે અંદાજે ૭ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાત લે છે અને નવા સિંહબાળના આગમનથી આગામી સમયમાં મુલાકાતીઓની સંખ્યામાં વધુ વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### રાજકોટમાં અખાદ્ય ખોરાક સામે મનપાની ઝુંબેશ યથાવત

# ફેમસ ઘોષ બંગાલ સ્વીટ્સ, વિહાન નમકીન, નેશનલ ચાઈનીઝ અને ઘનશ્યામ ચાઈનીઝ સીલ

## 1226 કીલો જથ્થાનો નાશ કરી રૂ. 42 હજારનો દંડ વસુલાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગે ભેળસેળયુક્ત અને અખાદ્ય ખોરાક સામેની ઝુંબેશ વધુ સઘન બનાવી છે. તાજેતરની તપાસ દરમિયાન શહેરની ૫૩ પેઢી અને રેસ્ટોરન્ટની ચકાસણી કરવામાં આવી હતી. ગંભીર ગંદકી, વાસી ખોરાક અને અનહાઈજેનિક સ્થિતિ મળી આવતાં ઘોષ બંગાલ સ્વીટ્સ, વિહાન નમકીન, નેશનલ ચાઈનીઝ અને ઘનશ્યામ ચાઈનીઝ પંજાબી સહિત ૪ એકમોને સીલ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કુલ ૧૨૨૬ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો તેમજ વિવિધ નિયમભંગ બદલ રૂ. ૪૨,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

પેલેસ રોડ પર આવેલી ઘોષ બંગાલ સ્વીટ્સમાંથી વાસી કાચા સમોસા, દુર્ગંધયુક્ત મીઠાઈ, સમોસાનો વાસી લોટ તેમજ સડેલા બટેટા-શાકભાજી સહિત ૧૪૬ કિલો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો. મવડી ગામ પાસે આવેલી વિહાન નમકીનમાં જીવાતગ્રસ્ત અને વાસી ફરસાણ તથા લોટ સહિત ૨૧૫ કિલો જથ્થો ઝડપાયો હતો. બંને એકમો પાસેથી રૂ. ૫,૦૦૦-૫,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલી સીલ કરવામાં આવ્યા હતા.

યુનિવર્સિટી રોડ પર આવેલી નેશનલ ચાઈનીઝમાં ગંદકી વચ્ચે વાસી ગ્રેવી, નૂડલ્સ, બાફેલા શાકભાજી સહિત ૩૩ કિલો અખાદ્ય ખોરાક મળી આવતા તેનો નાશ કરી રૂ. ૫,૦૦૦નો દંડ ફટકારાયો હતો. જ્યારે કોઠારીયા રોડ પર આવેલી ઘનશ્યામ ચાઈનીઝ પંજાબીમાંથી ૧૬ કિલો વાસી તૈયાર ખોરાક મળી આવતા પેઢીને પણ રૂ. ૫,૦૦૦ના ચાર્જ સાથે સીલ કરવામાં આવી હતી.

કસ્તુરબા રોડ પર આવેલી ઓનલાઇન ઓર્ડર સ્ટોરેજ પેઢી 'SWINSTA ENT PRIVATE LIMITED'માંથી યુઝ-બાય તારીખ વગરના શાકભાજી અને ફળો, એક્સપાયરી થયેલા ખાદ્યપદાર્થો તેમજ અસ્વચ્છ કોલ્ડ સ્ટોરેજમાંથી અંદાજે ૮૦૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. પેઢી સામે રૂ. ૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલી પેસ્ટ કંટ્રોલ અને સ્વચ્છતા જાળવવા નોટિસ આપવામાં આવી હતી.




આ ઉપરાંત અનેક ફરસાણ, જનરલ સ્ટોર, ડેરી અને નાસ્તાના એકમોમાંથી વાસી ખાદ્યપદાર્થોનો નાશ કરી લાયસન્સ, સ્વચ્છતા અને અન્ય નિયમોના ભંગ બદલ રૂ. ૫૦૦થી રૂ. ૧,૦૦૦ સુધીના વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યા હતા. સાથે ઠાકરધણી રેસ્ટોરન્ટ, રિદ્ધિ સિદ્ધિ સેન્ડવીચ, નવદીપ ડેરી ફાર્મ, અડારો રેસ્ટોરન્ટ સહિત અન્ય ૨૬ એકમોની પણ સ્થળ પર તપાસ કરવામાં આવી હતી.

મનપાના ડેઝિગ્નેટેડ ઓફિસરે જણાવ્યું હતું કે પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરનારા એકમો સામે આવી કડક કાર્યવાહી આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે.

# હાઈકોર્ટ બેંચ માટે બુધવારે વકીલોની કોર્ટ બહિષ્કાર

## કલેક્ટરને આવેદનપત્ર પાઠવાશે

### સૌરાષ્ટ્ર-કચ્છના તમામ બાર એસોસિએશનો એક દિવસની હડતાળ પર

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્રમાં હાઈકોર્ટની બેંચ સ્થાપવાની લાંબા સમયથી ચાલી રહેલી માંગને વધુ તીવ્ર બનાવવા માટે બુધવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છના તમામ બાર એસોસિએશનો દ્વારા એક દિવસનો કોર્ટ બહિષ્કાર કરવામાં આવશે. આ દિવસે વકીલો કોર્ટની તમામ ન્યાયિક કાર્યવાહીથી સંપૂર્ણપણે અલિપ્ત રહેશે અને સવારે ૧૦:૪૫ વાગ્યે સંબંધિત જિલ્લા કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર અથવા મામલતદારને આવેદનપત્ર પાઠવશે.

રાજકોટ બાર એસોસિએશનના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે છેલ્લા ૩૦ વર્ષથી રાજકોટમાં હાઈકોર્ટ બેંચની માંગ સતત અને મજબૂત રીતે ઉઠાવવામાં આવી રહી છે. છેલ્લા બે વર્ષ દરમિયાન આ આંદોલનને નોંધપાત્ર ગતિ મળી છે અને હવે સૌરાષ્ટ્ર-કચ્છના વકીલોએ આ લડતને વધુ વ્યાપક જનઆંદોલનનું સ્વરૂપ આપવાનો નિર્ણય કર્યો છે. આગામી દિવસોમાં પ્રજાને જાગૃત કરવા માટે વિશાળ સ્તરે વિવિધ કાર્યક્રમો, સભાઓ અને અભિયાન યોજાશે.



વકીલોના જણાવ્યા મુજબ આગામી તબક્કામાં ધારાસભ્યો, સાંસદો, મેયરો, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ સામાજિક, શૈક્ષણિક અને વ્યવસાયિક સંસ્થાઓને પણ લેખિત રજૂઆતો કરવામાં આવશે, જેથી હાઈકોર્ટ બેંચની માંગને વધુ મજબૂત અને વ્યાપક સમર્થન મળી શકે.

રાજકોટમાં બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા અને સેક્રેટરી નિલેશ પટેલના નેતૃત્વમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ બાર એસોસિએશનના ઉપપ્રમુખ સિદ્ધરાજસિંહ જાડેજા, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રભાઈ ગોંડલીયા, ટ્રેઝર પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ, કારોબારી સભ્યો નિશા લુણાગરિયા, હિરલ જોશી, મીનલ સોનપાલ, વિજય રૈયાણી અશ્વિન રામાણી, ભાર્ગવ પંડ્યા, સંજય ડાંગર, સ્તવન મહેતા, હસમુખભાઈ સાગઠીયા, રક્ષાબેન ઉપાધ્યાય કલ્પેશ સાકરીયા, દીપ વ્યાસ સહિતના કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી રહ્યા છે.

# પરેશ જોષી આપઘાત કેસની એફઆઈઆર હાઈકોર્ટે રદ કરી

## કોન્ટ્રાક્ટરનું બિલ ઝડપથી પાસ કરવાનું દબાણ આત્મહત્યાનું દુષ્પ્રેરણ ન ગણાય

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ એન્જિનિયર પરેશ જોષીના આપઘાત કેસમાં કોન્ટ્રાક્ટર કંપનીના બે કર્મચારીઓ તથા મનપાના એક અધિકારી સામે નોંધાયેલી આત્મહત્યાના દુષ્પ્રેરણની એફઆઈઆર ગુજરાત હાઈકોર્ટે રદ કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે માત્ર બિલ ઝડપથી પાસ કરવા માટે કરવામાં આવેલું વ્યાવસાયિક અથવા વહીવટી દબાણ કાયદાકીય રીતે આત્મહત્યાનું દુષ્પ્રેરણ ગણાવી શકાય નહીં. પરેશ જોષીએ ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ન્યારી ડેમમાં ઝંપલાવી આપઘાત કર્યો હતો. આ ઘટનાએ શહેરમાં ભારે ચકચાર મચાવી હતી.



એડવોકેટ
સુરેશ ફળદુ

ત્યારબાદ તેમની પત્ની મિલી જોષીએ મધુરમ કન્સ્ટ્રક્શનના એન્જિનિયર હાર્દિક ચંદારાણા, સુપરવાઈઝર મયુર ઘોડાસરા તથા રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી એન્જિનિયર જતીન પંડ્યા સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ હેઠળ આત્મહત્યાના દુષ્પ્રેરણનો ગુનો નોંધાવ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે બિલિંગ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માટે સતત માનસિક દબાણ કરવામાં આવતું હતું અને સાઈટ પર જવા દેવામાં ન આવતા તેમજ ધમકીઓ આપવામાં આવતી હતી.

આરોપીઓ તરફથી હાઈકોર્ટમાં એફઆઈઆર રદ કરવાની અરજી કરવામાં આવી હતી. દલીલમાં જણાવાયું હતું કે આત્મહત્યાના દુષ્પ્રેરણ માટે આરોપીનો સ્પષ્ટ ઈરાદો (Mens Rea) અને સીધી ઉશ્કેરણી (Instigation) હોવી ફરજિયાત છે. માત્ર કામકાજના સ્થળે થયેલી બોલાચાલી, વહીવટી પ્રક્રિયાનો દબાણ અથવા બિલ પાસ કરવાની પ્રક્રિયામાં થયેલી ખેંચતાણને કાયદાકીય રીતે આત્મહત્યાનું દુષ્પ્રેરણ ગણાવી શકાય નહીં. આરોપીઓ દ્વારા કોઈ એવું સક્રિય કૃત્ય કરવામાં આવ્યું નથી જેના કારણે મૃતક પાસે આત્મહત્યા સિવાય કોઈ વિકલ્પ ન રહે. બીજી તરફ રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે પોલીસ તપાસમાં પ્રથમ દૃષ્ટિએ આરોપીઓ સામે કેસ બને છે અને તેથી એફઆઈઆર રદ કરવી યોગ્ય નથી. સરકારના વકીલે દલીલ કરી હતી કે કામના સ્થળે થયેલા સતત દબાણ અને મનદુખના કારણે મૃતકે અંતિમ પગલું ભર્યું હોવાનું જણાય છે.

બંને પક્ષોની વિસ્તૃત દલીલો અને પોલીસ તપાસના દસ્તાવેજોનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કર્યા બાદ હાઈકોર્ટે નોંધ્યું હતું કે મૃતક કામના ભારણ અને વહીવટી દબાણના કારણે માનસિક તણાવમાં હતા, પરંતુ માત્ર આ પરિસ્થિતિને આધારે આરોપીઓ વિરુદ્ધ આત્મહત્યાના દુષ્પ્રેરણનો ગુનો સાબિત થતો નથી. કોર્ટએ વધુમાં જણાવ્યું હતું કે કાયદાકીય રીતે ગુનો ટકાવવા માટે સીધી ઉશ્કેરણી અથવા મજબૂર પરિસ્થિતિ સર્જાય તેવું સ્પષ્ટ પુરાવા જરૂરી છે, જે આ કેસમાં ઉપલબ્ધ નથી.

આ અંતે હાઈકોર્ટે હાર્દિક ચંદારાણા, મયુર ઘોડાસરા તથા જતીન પંડ્યા સામે નોંધાયેલી એફઆઈઆર તેમજ તેની અનુસંગિક તમામ ફોજદારી કાર્યવાહી સંપૂર્ણપણે રદ કરવાનો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ નિર્ણયથી કોન્ટ્રાક્ટર અને મનપાના અધિકારીઓને મોટી રાહત મળી છે.

આ કામમાં પ્રથમથી જ કોન્ટ્રાકટર કંપનીના આરોપીઓ વતી ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કે.જે. પંચાલ, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, યશ વૈષ્ણવ, વિરમ ધરાંગીયા, વિશાલ કૌશિક, ભૂમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી, મૃત્યુંજય જોષી, જયદેવસિંહ જાડેજા, હીરલ નિમાવત રોકાયેલ હતા.

# મહિલા હોમગાર્ડે પતિ-સસરા સામે ત્રાસની ફરિયાદ નોંધાવી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી ૩૦ વર્ષીય મહિલા હોમગાર્ડે પતિ રવિ આચાર્ય અને સસરા દીપક આચાર્ય સામે શારીરિક તથા માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૨માં લગ્ન થયા બાદ ત્રીજા દિવસથી જ પતિ દારૂના નશામાં ઝઘડા કરતો, મારપીટ કરતો અને ઘરખર્ચની જવાબદારી નિભાવતો ન હતો.ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પતિએ શેરબજારમાં રોકાણ માટે પત્નીના બેંક એકાઉન્ટ અને પૈસાની માગણી કરી હતી. ઈનકાર કરતાં ઝઘડો થયો હતો. બાદમાં જસદણ ખાતે સાસરિયામાં પહોંચેલી પરિણીતાને ઘરની બહાર કાઢી મારપીટ કરવામાં આવી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. મહિલા પોલીસ સ્ટેશને પતિ અને સસરા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ક્રિકેટરો પ્રેમમાં 'ક્લિન બોલ્ડ'



## બેટ્સમેન યશસ્વી જયસ્વાલ એક્ટ્રેસ મૃણાલ ઠાકુરને ડેટ કરી રહ્યો છે

### કાફેની બહારનો વાયરલ થયો વીડિયો

સિટી ન્યૂઝ@મુંબઈ



બોલીવુડ અને ક્રિકેટના સુંદર કોરિડોરમાં એક નવી લવસ્ટોરી બની રહી છે? ભારતીય બેટ્સમેન યશસ્વી જયસ્વાલ હાલમાં પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. સોશિયલ મીડિયા પર એવી ચર્ચાઓ ચાલી રહી છે કે સ્ટાર ક્રિકેટર પોપ્યુલર બોલીવુડ એક્ટ્રેસ મૃણાલ ઠાકુરને ડેટ કરી રહ્યો છે. એક જ કાફેમાં જોવા મળતો આ બંનેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેનાથી ફેન્સના મનમાં સવાલો ઉભા થઈ રહ્યા છેઃ શું ક્રિકેટર અને એક્ટ્રેસ વચ્ચે મિત્રતા કરતાં વધુ કંઈ છે?

સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક્ટ્રેસ મૃણાલ ઠાકુર મુંબઈના બાંદ્રા વેસ્ટમાં "બુજ્જી કાફે" ની અંદર જોવા મળી રહી છે. થોડીવાર પછી જ્યારે યશસ્વી જયસ્વાલ અને મૃણાલ ઠાકુર ઘટનાસ્થળ છોડીને જતા જોવા મળ્યા, ત્યારે બધું બરાબર લાગતું હતું, તેમના ડેટિંગની ચર્ચાઓ શરૂ થઈ ગઈ.

## ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ મોડલ સમરીન કૌરના પ્રેમમાં

### સોશિયલ મીડિયામાં કન્ફર્મ કરી લવસ્ટોરી



સિટી ન્યૂઝ@મુંબઈ



પંજાબના રહેવાસી ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે પંજાબી મોડલ સમરીન કૌર સાથેના પોતાના સંબંધોની પુષ્ટિ કરી છે. ઈન્સ્ટાગ્રામ પર બે ફોટા શેર કરતા તેણે કેપ્શનમાં 'My Person' લખ્યું. આ એક પોસ્ટ સાથે છેલ્લા ૩ મહિનાથી ચાલી રહેલી ડેટિંગની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. અર્શદીપની પોસ્ટ પર ચાહકોની સાથે-સાથે અનેક જાણીતી હસ્તીઓએ પણ બંનેને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે. અર્શદીપ અને સમરીનના સંબંધોની ચર્ચા એપ્રિલ ૨૦૨૬માં સ્નેપચેટ પર શેર કરવામાં આવેલી એક તસવીરથી શરૂ થઈ હતી. ત્યારબાદ IPL ૨૦૨૬ દરમિયાન સમરીન ઘણી વખત પંજાબ કિંગ્સની મેચોમાં અર્શદીપને ચીયર કરતી જોવા મળી હતી. જૂનમાં બંને એક ગુરુદ્વારામાં સાથે માથું ટેકવવા પહોંચ્યા હતા, ત્યારબાદ બ્રેકઅપની અફવાઓ પણ ઉડી હતી, પરંતુ હવે ઈન્સ્ટાગ્રામ પર અર્શદીપની પોસ્ટથી તેમના સંબંધો સાર્વજનિક થઈ ગયા છે. એપ્રિલ ૨૦૨૬ની શરૂઆતમાં અર્શદીપ સિંહે તેના સ્નેપચેટ એકાઉન્ટ પર એક ફોટો શેર કર્યો. ફોટામાં તે એક છોકરીનો હાથ પકડેલો જોવા મળ્યો, પરંતુ ચહેરો બતાવ્યો ન હતો. આ પછી ચાહકોએ છોકરીના હાથ પર બનેલા ટેટૂ અને નેલ આર્ટને નોટિસ કર્યું અને તેની સરખામણી પંજાબી મોડેલ અને અભિનેત્રી સમરીન કૌરની તસવીરો સાથે કરી. ટેટૂ મેચ થયા પછી બંનેના સંબંધોની ચર્ચા સોશિયલ મીડિયા અને મીડિયામાં શરૂ થઈ ગઈ. IPL ૨૦૨૬ દરમિયાન સમરીન કૌર ઘણી વખત પંજાબ કિંગ્સની મેચોમાં જોવા મળી હતી.

# જસ્ટીશ દવેએ ગોપાલને કહ્યું અદાલતમાં સાચુ બોલતું નથી, પણ સત્યની એક કિંમત હોય છે


ગોપાલે પોતાનો પક્ષ હાઈકોર્ટ સામે મૂક્યો ત્યારે સલીમનું હૃદય સામાન્ય કરતાં વધારે ઝડપથી ધડકતું હતું. તેના ચહેરા પર એક પ્રકારની મુંઝવણ હતી. કારણ કે એક વખત કોઈ આરોપી કોર્ટ સામે પોતાના સાચા પત્તા ઉતરી જાય, પછી તેને પોતાના પત્તા બદલવાની તક મળતી નથી. સલીમ વિચારી રહ્યો હતો કે, ક્યાંક ગોપાલ ભૂલ તો નથી કરી રહ્યોને! પણ હવે મોડું થઈ ગયું હતું. ગોપાલે પોતાનું કબુલાતનામું હાઈકોર્ટ સામે મૂકી દીધું હતું.

જસ્ટિસ દવેએ ગોપાલને સાંભળ્યા પછી અંગ્રેજીમાં સરકારી વકીલને કેટલાક સવાલ પૂછ્યા. ગોપાલને ખાસ અંગ્રેજી ખબર પડતી નહોતી. પણ કેટલીક ત્રૂટક ત્રૂટક વાતો તેને સમજાઈ રહી હતી. જસ્ટિસ દવે સરકારી વકીલ પાસે જાણવા માગતા હતા કે, જ્યારે ગોપાલ પકડાયો ત્યારે તેની પાસેથી કેટલી કિંમતની બનાવટી નોટ મળી હતી. સરકારી વકીલે પોલીસ તરફથી આવેલા કાગળો જોઈને કહ્યું, “નામદાર, ચાર હજાર રૂપિયાની.”

જસ્ટિસ દવેના ચહેરા પર થોડો આશ્ચર્યનો ભાવ આવ્યો. કોર્ટમાં એકદમ સન્નાટો હતો. કારણ કે હાઈકોર્ટ સામે આ પહેલો કેસ હતો, જેમાં સજા પામેલો કેદી પોતાના બચાવમાં કંઈ કહેવાને બદલે પોતે ગુનેગાર છે; એવું કહી રહ્યો હતો. ત્યાં બેઠેલા સિનિયર કાઉન્સિલર પણ ગોપાલના વલણથી પ્રભાવિત થયા હતા. જસ્ટિસ દવેએ એડ્વોકેટ ચાંપાનેરીને પૂછ્યું, “તમારા અસીલને કેટલા વર્ષની સજા થઈ છે?”


ચાંપાનેરીએ ઊભા થઈને કહ્યું, “માય લોર્ડ, દસ વર્ષની સજા.”જસ્ટિસ દવેનો બીજો સવાલ હતો કે, “કેટલા વર્ષથી આ જુવાન માણસ જેલમાં છે?”ચાંપાનેરીએ કહ્યું, “લોર્ડશીપ, પાંચ વર્ષથી.”જસ્ટિસ ચાંપાનેરીનો ચહેરો થોડો ગંભીર થયો. તેમણે પોતાના સ્ટાફને કંઈક સૂચના આપી. કોર્ટ એકદમ શાંત હતી. બે જ મિનિટમાં કોર્ટનો સ્ટેનોગ્રાફર આવીને પોતાની ખુરશી પર બેસી ગયો.

જસ્ટિસ દવેએ ચુકાદો લખાવતાં કહ્યું, “મેં મારી કરિયરમાં લાખો કેસ જોયા છે, પણ તમામ આરોપીઓનો દાવો હોય છે કે, પોલીસે તેમની પર ખોટો કેસ કર્યો છે. કોર્ટે ખોટા કેસ પણ જોયા છે. પરંતુ આ




પહેલો કેસ છે, જેમાં કોઈ આરોપી પોતાના બચાવમાં પોલીસ અને ન્યાયતંત્રની ચૂક તરફ ધ્યાન દોરવાને બદલે, પોતાની ભૂલનો એકરાર કરે છે.”

તેમણે એમ પણ કહ્યું કે, “અદાલતમાં આવનારા તમામ સાચું બોલવાના સોંગદ તો લે છે, પણ વાસ્તવિકતા વિપરિત હોય છે. જેની અમને પણ ખબર છે. સત્યની પણ એક કિંમત હોય છે, પણ આપણે આપણી આસપાસ સતત સત્યને હારતું, મરતું અને લાચાર જોયું છે. જેના કારણે સામાન્ય માણસ સત્યને આધાર બનાવતા ડરી રહ્યો છે. ગુનો ગુનો જ હોય છે. ગોપાલ અને સલીમે બનાવટી નોટો છાપી, તેની કિંમત માત્ર ચાર હજાર રૂપિયા છે. પણ આઈ.પી.સી.માં રકમ પ્રમાણે સજાની જોગવાઈ નથી. નીચલી અદાલતે કરેલી દસ વર્ષની સજા કાયદાની જોગવાઈ પ્રમાણે છે. પણ હાઈકોર્ટ માને છે કે, ન્યાયનો સિદ્ધાંત જડ બનવો જોઈએ નહીં. ગોપાલ અને સલીમ લગભગ પચ્ચીસ વર્ષના છે. તેમની સામે હજી લાંબી જિંદગી બાકી છે. આ જુવાન માણસોએ હાઈકોર્ટ સામે આવીને સાચું બોલવાની હિંમત કરી એ નાની ઘટના નથી. અદાલત તેમની આ હિંમતની કદર અને પ્રસંશા કરે છે. આ સાથે અદાલત એ બાબત પણ ધ્યાનમાં લે છે કે, સત્યની સાથે રહેનારાનો પણ વિજય થવો જોઈએ.”જસ્ટિસ દવેએ એક ક્ષણ રોકાઈને ગોપાલ સામે જોયું. પછી ફરી ચુકાદો લખાવવા લાગ્યા. તેમણે ઉમેર્યું કે, “આરોપી ગોપાલ નાની ઉંમરનો હોવાની સાથે સાથે તેનાં ઘરે વૃદ્ધ માતાપિતા છે. જેઓ પણ વર્ષોથી તેની રાહ જોતાં હશે. આ કેસમાં જો ગોપાલ અને સલીમે પોતાના બચાવમાં અન્ય કોઈ મુદ્દાઓ રજૂ કર્યા હોત, પોલીસ તપાસની ખામીઓ અને નીચલી અદાલતના હુકમને પડકાર્યો હોત, તો સરકાર પક્ષે પણ પોતાનો પક્ષ મૂકવો જરૂરી હતો. પણ અમને લાગે છે કે, અહીંયા મુદ્દો કેસના મેરિટનો નથી. તેથી અદાલત એવા નિર્ણય પર આવે છે કે, ગોપાલ અને સલીમે હમણાં સુધી જે પાંચ વર્ષ સજા ભોગવી છે, એટલી સજા તેમના ગુના પ્રમાણે પૂરતી છે. અદાલત આદેશ આપે છે કે, ગોપાલ અને સલીમને બાકીની પાંચ વર્ષની સજામાંથી મુક્ત કરવામાં આવે.”



પ્રશાંત દયાળ

જસ્ટિસ દવેએ ગોપાલ અને સલીમ સામે જોયું. તેમની આંખમાંથી દડ દડ આંસુ વહી રહ્યા હતા. ચાંપાનેરી સાહેબ પણ પોતાની આંખનાં ભીના થઈ ગયેલા ખૂણા છુપાવી ન શક્યા. જસ્ટિસ દવેના ચહેરા પર એવો ભાવ હતો કે, બહુ વર્ષો પછી તેમણે કોઈ યોગ્ય ન્યાય કર્યો હોય!ગોપાલ અને સલીમે ઊભા થયા. કોર્ટને હાથ જોડી તેમનો આભાર માન્યો. પોલીસ ગોપાલ અને સલીમને કોર્ટની બહાર લઈ આવી. બહાર આવતાં જ ગોપાલ અને સલીમે એડ્વોકેટ ચાંપાનેરીના ચરણ સ્પર્શ કરી તેમનો આભાર માન્યો. હજી પણ તેમની આંખમાંથી આંસુ રોકાતા નહોતા. ગોપાલે કહ્યું, “સાહેબ, બહાર આવીને જેમ બને તેમ વહેલા તમારી ફીના બાકી પૈસા આપી જઈશ.”

એડ્વોકેટ ચાંપાનેરીએ ગોપાલને ભેટી પડતાં કહ્યું, “ગોપાલ, બાકીની ફીના પૈસા નથી જોઈતા. અરે, તે તો મને જીવનમાં પહેલી વાર સત્યની તાકાતનો પરચો કરાવ્યો છે.”આ બધી ચર્ચા ચાલી રહી હતી ત્યારે એક અવાજ બધાના કાને પડ્યો. “ગોપાલ...”ક્યાંથી અવાજ આવ્યો, એ જોવા ગોપાલે નજર ફેરવી. ગોપાલની બરાબર પાછળ જ તેના પપ્પા ઊભા હતા. તેમની આંખોમાં પણ પાણી હતું. ગોપાલ પપ્પાને વળગી પડ્યો. પપ્પાએ ચાંપાનેરી સાહેબનો આભાર માનતા કહ્યું, “સાહેબ, તમારો બહુ આભાર. અમારા જેવા ગરીબ માણસને મદદ કરી.”ગોપાલના પપ્પાને ખબર હતી કે, આજે મુદત છે. એટલે પપ્પા ક્યારના આવીને કોર્ટમાં બેસી ગયા હતા. પણ ગોપાલનું કે કોઈનું તેમના તરફ ધ્યાન જ નહોતું. ગોપાલ જ્યારે પોતાની વાત જસ્ટિસ દવેને કહી રહ્યો હતો, ત્યારે પપ્પાને પહેલી વખત ગોપાલ માટે અભિમાન થઈ રહ્યું હતું. એડ્વોકેટ ચાંપાનેરીએ ગોપાલના પપ્પાને કહ્યું, “દાદા, મારી કોઈ કરામત નથી. તમારા ગોપાલે જ બધું કર્યું છે. પણ તમે હવે ચિંતા ન કરતા. દુખના તમામ દિવસો પૂરા થયા. આવતીકાલે સાંજ સુધી કોર્ટનો ઓર્ડર જેલ પર પહોંચી જશે. પછી ગોપાલ ઘરે આવી જશે.”ગોપાલ અને સલીમના ખભે હાથ મૂકતાં ચાંપાનેરીએ કહ્યું, “હવે આવી નહીં, પણ કોઈ પ્રકારની ભૂલ કરતાં નહીં. કારણ કે ઉપરવાળો દુશ્મનને પણ કોર્ટ અને જેલ ના બતાવે તેવી મારી પ્રાર્થના હોય છે.”પોલીસ જવાનોએ ફરી તેમને પોલીસવાનમાં બેસાડ્યા અને તેઓ સાબરમતી જેલ જવા રવાના થયા. પાછા ફરતી વખતે ગોપાલને લાગી રહ્યું હતું કે, જાણે તેણે આખું અમદાવાદ જીતી લીધુ હોય! આદેશને પણ જ્યારે ગોપાલની સજા માફ થઈ હોવાના સમાચાર મળ્યા, ત્યારે તે પણ ખુશ હતો. (ક્રમશ)

# વીરપુરના ગેસ્ટ હાઉસમાં દેહવ્યાપારનો પર્દાફાશ

## રાજકોટ ગ્રામ્ય AHTUનો દરોડો; ગેસ્ટ હાઉસમાં બહારથી મહિલાઓ બોલાવી ગ્રાહકોને રૂમ ઉપલબ્ધ કરાવાતા 2 ઝડપાયા

**સિટી ન્યૂઝ@વીરપુર**



રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વીરપુર પોલીસ મથક વિસ્તારમાં આવેલા ખોડીયાર ગેસ્ટ હાઉસમાં ચાલતા કથિત અનૈતિક દેહવ્યાપારના ધંધાનો રાજકોટ ગ્રામ્ય પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU)એ પર્દાફાશ કર્યો છે. પોલીસે ગેસ્ટ હાઉસના માલિક અને સંચાલક સહિત ૨ આરોપીઓ સામે ઈમોરલ ટ્રાફિક (પ્રિવેન્શન) એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અનૈતિક દેહવ્યાપાર અને માનવ તસ્કરી સંબંધિત ગુનાઓ સામે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર તથા AHTUના નોડલ અધિકારી જે.પી. રાવના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ. શુકલ અને તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચામુંડા ચોક નજીક સ્વામિનારાયણ મંદિરવાળી શેરીમાં આવેલા ખોડીયાર ગેસ્ટ હાઉસમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે ગેસ્ટ હાઉસમાં બહારથી મહિલાઓને બોલાવી પુરુષ ગ્રાહકોને અનૈતિક પ્રવૃત્તિ માટે રૂમ ઉપલબ્ધ કરાવવામાં આવતા હતા તેમજ રૂમના ભાડા ઉપરાંત કમિશન મેળવી આ ધંધો ચલાવવામાં આવતો હતો.આ કેસમાં પોલીસે વીરપુરના જલારામનગરમાં રહેતા નિલેશ પરસોતમ ગુજરાતી અને જેતપુરના રામજી મંદિર રોડ વિસ્તારમાં રહેતા અજય માધુ ભટીની ધરપકડ કરી છે. દરોડા દરમિયાન સ્થળ પરથી રૂ. ૪,૨૦૦ની રોકડ, ૪ પુરુષ નિરોધક પેકેટ તથા એક મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.રાજકોટ ગ્રામ્ય પોલીસે જણાવ્યું હતું કે જિલ્લામાં અનૈતિક દેહવ્યાપાર અને માનવ તસ્કરી જેવા ગુનાઓ સામે આગળ પણ સતત કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# ઓડિશાથી 7.24 લાખનો ગાંજો લાવતાં બે ભાઈઓ ઝડપાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં માદક પદાર્થોના વેચાણ અને હેરફેર પર અંકુશ લાવવા ચાલી રહેલી 'સે નો ટુ ડ્રગ્સ' ઝુંબેશ અંતર્ગત રાજકોટ શહેર એસઓજીએ બામણબોર નજીકથી ઓડિશાથી ગાંજાનો જથ્થો લઈને આવતા બે ભાઈઓને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી રૂ. ૭,૨૪,૨૫૦ કિંમતનો ૧૪.૪૮૫ કિલોગ્રામ ગાંજો તથા બે મોબાઈલ ફોન કબજે કરી એરપોર્ટ પોલીસ મથકે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાના માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ એન.બી. ચૌધરીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે બે શખ્સો બામણબોર તરફથી માદક પદાર્થ લઈને આવી રહ્યા છે. આ આધારે અમદાવાદ-રાજકોટ હાઈવે પર રામદેવ હોટલ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. શંકાસ્પદ હાલતમાં દેખાયેલા બંનેને અટકાવી તપાસ કરતાં ગાંજાના પેકેટ મળી આવ્યા હતા. એફએસએલ અધિકારી સમીર જોષીએ પ્રાથમિક તપાસમાં તે ગાંજો હોવાનું જણાવ્યું હતું. આ કેસમાં આરએમસી ક્વાર્ટર, બાલાજી હોલ પાછળ રહેતા વનરાજ ઉર્ફે ટકો રવજી ઉર્ફે સવજી હાંડા (ઉ.વ. ૨૧) તથા તેના સગીર ભાઈની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં



આરોપીઓએ જણાવ્યું હતું કે તેઓ કેરિયર તરીકે કામ કરે છે અને ઓડિશાથી ગાંજાનો જથ્થો રાજકોટના હિતેષ ગોહિલના કહેવા મુજબ લાવ્યા હતા. એક ટ્રિપના બદલામાં રૂ. ૨૦,૦૦૦ મળતા હોવાનું પણ ખુલ્યું છે. આરોપીઓ અગાઉ પણ આવી એક ખેપ મારી ચૂક્યા હોવાની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે. હાલ પોલીસે ગાંજાના જથ્થાના રાજકોટ સ્થિત રિસીવરની શોધખોળ શરૂ કરી છે અને મુખ્ય સૂત્રધાર હિતેષ ગોહિલની ધરપકડ બાદ વધુ વિગતો બહાર આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.





# જેતપુરમાં બુટલેગરનો પોલીસ પર છરીથી હુમલો, બે અટકાયતમાં

## દારૂની હેરાફેરી પકડવા ગયેલી ટીમ પર હુમલો; હેડ કોન્સ્ટેબલ ઈજાગ્રસ્ત, રેન્જ આઈજી નિર્લિપ્ત રાયએ હોસ્પિટલમાં મુલાકાત લઈ રૂ. 11 હજારનું ઈનામ આપ્યું

**સિટી ન્યૂઝ@જેતપુર**

જેતપુરમાં દેશી દારૂની હેરાફેરી પકડવા ગયેલી ઉદ્યોગનગર પોલીસ ટીમ પર બુટલેગરે છરીથી હુમલો કરતાં હેડ કોન્સ્ટેબલ નિલેશ મકવાણા ઈજાગ્રસ્ત થયા હતા. હુમલાખોર આરોપી ભાગતી વખતે પોતે પણ ઘાયલ થયો હતો. પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ ગતરાત્રે પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે દિલીપ ઉર્ફે દિલો ભાણકુ શેખવા સ્વિફ્ટ કારમાં જૂનાગઢથી દેશી દારૂનો જથ્થો લઈને નવાગઢ તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે નવાગઢ નજીક વોચ ગોઠવવામાં આવી હતી.કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકે કાર મૂકી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. હેડ કોન્સ્ટેબલ નિલેશ મકવાણાએ પીછો કરીને આરોપીને પકડી પાડતાં તેણે છરીથી હુમલો કર્યો હતો. બચાવ દરમિયાન નિલેશ મકવાણાના હાથમાં ઈજા થઈ હતી. ભાગતી વખતે આરોપી પણ અથડાઈને ઘાયલ થયો હતો. બંનેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ વડા હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે ઈજાગ્રસ્ત હેડ કોન્સ્ટેબલની મુલાકાત લઈ તેમની બહાદુરીની પ્રશંસા કરી અને રૂ. ૧૧ હજારનું ઈનામ આપ્યું હતું. પોલીસે સ્થળ પરથી ૨૦૦ લિટર દેશી દારૂ, સ્વિફ્ટ કાર, છરી અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં કાનો રબારી અને દારૂ મંગાવનાર મહિલા સામે પણ ગુનો નોંધાયો છે. મહિલા સામે અગાઉ ૪૧ ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે, જ્યારે દિલીપ શેખવા સામે પણ આશરે ૮ ગુનાઓ નોંધાયેલા છે. આરોપીઓ સામે BNS, ગુજરાત પોલીસ એક્ટ, પ્રોહિબિશન એક્ટ તથા હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે સમગ્ર નેટવર્ક અંગે વધુ તપાસ શરૂ કરી છે.

### રાજકોટમાં અંબે માતાજીની ભક્તિનો વરસાદ અનરાધાર

# અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા માઁ અંબા જગદંબાનો મહિમા ભવ્ય રીતે સંપન્ન

## જ્યારે ભક્તિનો ઝણકાર અને શ્રદ્ધાનો ટંકાર થાય, ત્યારે જ અંબે માતાજીના આશિષનો દિવ્ય રણકાર થાય છેઃ મેહુલભાઈ રવાણી



### ■ સ્વ.કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરિટેબલ ટ્રસ્ટ પર ટ્રસ્ટ કરવા જેવો છેઃ હર્ષલભાઈ માંકડ

### ■ મા જગદંબાની કૃપા વિના કોઈ સાધના પૂર્ણ થતી નથીઃ આચાર્ય બાલકૃષ્ણભાઈ રાજ્યગુરુ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અંબે માતા ભારતીય સનાતન સંસ્કૃતિની શ્રદ્ધાનો શક્તિશાળી સ્તંભ છે. અંબે માતા કરુણા અને શક્તિનું પ્રતીક છે. એક તરફ પુરુષાર્થની શક્તિ, બીજી તરફ માતૃશક્તિની કૃપાઆ બંને સાથે હોય, તો જીવનમાં કોઈ પણ સંકટ અઘરું રહેતું નથી. ત્યારે રંગીલું રાજકોટ અંબે માતાની ભક્તિના રંગે રંગાયું જયારે એક અનોખો, અલૌકિક અને આત્માને સ્પર્શી જાય એવો કાર્યક્રમ "માઁ અંબા જગદંબાનો મહિમા" યોજાયો.
સ્વ. કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ, અરિહંત ઈન્વેસ્ટમેન્ટ તથા શ્રી મેહુલભાઈ રવાણી દ્વારા સદ્ગુરુદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબના આશીર્વાદ અને પ્રેરણાથી આયોજિત અલૌકિક અને દિવ્ય કાર્યક્રમ 'માઁ અંબા જગદંબાનો મહિમા' રાજકોટના અરવિંદભાઈ મણીયાર હોલ ખાતે શ્રદ્ધા અને ઉલ્લાસસભર વાતાવરણમાં ભવ્ય રીતે સંપન્ન થયો છે. ભક્તિની શક્તિ અને સેવાના આ મહાપર્વમાં ૮૦૦થી વધુ ધર્મપ્રિય નાગરિકોએ ઉપસ્થિત રહી ભક્તિરસ, મધુર સંગીત અને આધ્યાત્મિક ધ્યાનનો દિવ્ય અનુભવ માણ્યો હતો.કાર્યક્રમ દરમિયાન વિશેષ આયોજન અંતર્ગત મા જગદંબાની દિવ્ય મૂર્તિ પર સૂર્યકિરણથી તિલક કરવામાં આવ્યું હોય તેવી અદભૂત આધ્યાત્મિક અનુભૂતિનું સર્જન કરવામાં આવ્યું હતું. આ અલૌકિક ક્ષણના સાક્ષી બની સમગ્ર ભક્તજનોએ માતાજીની દિવ્ય કૃપાનો અનોખો અનુભવ કર્યો હતો.
આ અંગે માહિતી આપતા જૈન અગ્રણી,લેખક, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર એન્કર, વક્તા, સિંગર, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ-વેસ્ટના ઉપપ્રમુખ, સ્વ. કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર શ્રી મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણીએ જણાવ્યું હતું કે,મારા જીવનના દરેક પગલે યોગ્ય દિશા અને મૂલ્યોનું જ્ઞાન મને મારા વડીલો, ગુરુજનો અને આરાધ્ય શક્તિ માં જગદંબાના આશીર્વાદથી પ્રાપ્ત થયું છે. આજે હું સર્વપ્રથમ રાજરાજેશ્વરી આદ્યશક્તિ, મંગલમૂર્તિ મા જગદંબા તથા અમારા રવાણી પરિવારના આરાધ્ય શ્રી સુરધનદાદાના પાવન ચરણોમાં વંદન કરું છું. મારો દઢ વિશ્વાસ છે કે જ્યારે મનુષ્ય સંપૂર્ણ સમર્પણભાવથી પોતાના આરાધ્યના ચરણોમાં શરણાગતિ સ્વીકારે છે અને પ્રાર્થના કરે છે કે, 'હે દાદા, આજથી હું તમારા શરણે છું, મારું કલ્યાણ કરજો,' ત્યારે તેના જીવનના દરેક માર્ગ સરળ બનવા લાગે છે. સુરધનદાદા અને કુળદેવીની કૃપા સાથે જીવનમાં શક્તિ, શાંતિ, આત્મવિશ્વાસ અને કલ્યાણનો સંચાર થાય છે.
વધુમાં તેમણે જણાવ્યું હતું કે,યા દેવી સર્વભૂતેષુ.. સ્તોત્ર એ માત્ર સંસ્કૃતના શ્લોકોનો સમૂહ નથી, પરંતુ સમગ્ર સનાતન સંસ્કૃતિનું જીવંત તત્વજ્ઞાન છે. આ સ્તોત્ર આપણને સમજાવે છે કે મા જગદંબા માત્ર મંદિરોમાં જ નહીં, પરંતુ સમગ્ર સૃષ્ટિના કણેકણમાં વિવિધ સ્વરૂપે બિરાજમાન છે. આદ્યશક્તિનો અનુભવ ત્યારે જ શક્ય બને છે, જ્યારે આપણે દરેક પરિસ્થિતિમાં તેમની ઉપસ્થિતિનો અનુભવ કરીએ. જીવનમાં શક્તિ, ચેતના, બુદ્ધિ અને કરુણા જેવા તમામ સદગુણો માતાજીની જ કૃપાનું પ્રતિબિંબ છે.ભૂતકાળમાં અરિહંત ઈન્વેસ્ટમેન્ટના શ્રી મેહુલભાઈ રવાણી દ્વારા "તુમ રક્ષક, કાહું કો ડરનાં", "માં અંબા જગદંબા નો મહિમા", "મહિમા માં કે આશીર્વાદ કી" તથા "અધૂરપથી મધુરપ શ્રીકૃષ્ણનો વારસો" જેવા દિવ્ય અને ભવ્ય કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા હતા. ત્યારે આજનો પ્રસંગ પણ શહેરવાસીઓ માટે માત્ર દર્શન પૂરતો સીમિત ન રહ્યો પરંતુ હૃદય અને આત્મામાં ભક્તિ, સાંસ્કૃતિક ગૌરવ અને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા જેવી અનુભૂતિ તેમને આ કાર્યક્રમમાં થઇ. પ્રત્યેક વર્ગના લોકો, નાના બાળકોથી લઈ વયસ્કો સુધી, કાર્યક્રમમાં સામેલ થયા. શ્રી મેહુલભાઈ રવાણીની દ્રઢ ઈચ્છાશક્તિના પરિણામે આ પહેલ એક યાદગાર પ્રસંગ બની ગઈ., જે વર્ષો સુધી લોકોના હૃદયમાં પ્રેરણા અને ભક્તિની જ્યોતિ પ્રગટાવશે.
આ પ્રસંગે આમંત્રિત મહાનુભાવો તરીકે શ્રી જીમીભાઈ અડવાણી, શ્રી પ્રશાંતભાઈ શાહ તથા શ્રી હર્ષિલ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ અને રસપ્રદ સંચાલન શ્રી મેહુલ એમ. રવાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી ડોલીબેન મેહુલભાઈ રવાણી, શ્રી વત્સલ મેહુલભાઈ રવાણી તથા અરિહંત ઈન્વેસ્ટમેન્ટ ટીમ દ્વારા ઉપસ્થિત તમામ અતિથિઓ, કલાકારો અને ધર્મપ્રેમી જનતાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.૯૮૨૫૮૮૨૫૭૯

# એઈમ્સ રાજકોટમાં હાડકાના કેન્સર પર રાષ્ટ્રીય સી.એમ.ઈ. યોજાઈ




## દેશભરના નિષ્ણાતોએ મસ્ક્યુલોસ્કેલેટલ ટ્યુમરના નિદાન, લિમ્બ સેલ્વેજ સર્જરી અને બાયોપ્સી અંગે આધુનિક અભિગમ રજૂ કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (એઈમ્સ), રાજકોટના ઓર્થોપેડિક વિભાગ દ્વારા ઓર્થોપેડિક ઓન્કોલોજી (હાડકાના કેન્સર) વિષય પર રાષ્ટ્રીય સ્તરની સતત તબીબી શિક્ષણ (Continuing Medical Education-CME) કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દેશના અગ્રણી ઓર્થોપેડિક ઓન્કોલોજી નિષ્ણાતો, ઓર્થોપેડિક સર્જનો, કેન્સર નિષ્ણાતો, રેસિડેન્ટ ડોક્ટરો તેમજ મેડિકલ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમનો મુખ્ય હેતુ મસ્ક્યુલોસ્કેલેટલ ટ્યુમરના સમયસર નિદાન, આધુનિક સારવાર પદ્ધતિઓ, નવીન વૈજ્ઞાનિક અભિગમ અને ક્લિનિકલ અનુભવોના આદાન-પ્રદાન દ્વારા દર્દીઓને વધુ ગુણવત્તાસભર સારવાર ઉપલબ્ધ કરાવવાનો હતો. સાથે જ દર્દી સેવા, તબીબી શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે એઈમ્સ રાજકોટની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવા વિવિધ વૈજ્ઞાનિક સત્રો યોજાયા હતા.

કાર્યક્રમની શરૂઆત ઓર્થોપેડિક વિભાગના વડા ડૉ. કુલભૂષણ કમ્બોજના સ્વાગત પ્રવચનથી થઈ હતી. ઉદઘાટન સમારોહમાં એઈમ્સ રાજકોટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એલ. એન. દોરાયરાજન, ડીન (સંશોધન) ડૉ. (કર્નલ) અશ્વિની અગ્રવાલ તથા મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. પિન્કી એસ. કે. સાહૂ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પુરાવા આધારિત સારવાર, સતત તબીબી શિક્ષણ, સંશોધન અને આંતર વિભાગીય સંકલનના મહત્વ પર ભાર મૂક્યો હતો.

વૈજ્ઞાનિક સત્રોમાં ડૉ. અક્ષત ગુપ્તા, ડૉ. પ્રતીક સિહાગ, ડૉ. જયમીન શાહ, ડૉ. અશ્વિન પ્રજાપતિ અને ડૉ. મંદીપ શાહે ઓર્થોપેડિક ઓન્કોલોજીના મૂળભૂત સિદ્ધાંતો, મસ્ક્યુલોસ્કેલેટલ ઈમેજિંગ, બાયોપ્સીની યોગ્ય પદ્ધતિનું જીવંત પ્રદર્શન, પેથોલોજિકલ ફ્રેક્ચર અને જાયન્ટ સેલ ટ્યુમરના સંચાલન તેમજ લિમ્બ સેલ્વેજ સર્જરી ક્ષેત્રે થયેલી નવીન પ્રગતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ સી.એમ.ઈ.માં રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ઓર્થોપેડિક સર્જનો, ઓન્કોલોજિસ્ટો અને અન્ય તબીબોએ સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમને ઈન્ડિયન મસ્ક્યુલોસ્કેલેટલ ઓન્કોલોજી સોસાયટી (IMSOS) તેમજ ઓર્થોપેડિક સોસાયટી, રાજકોટનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

સમાપન પ્રસંગે આયોજકોએ જણાવ્યું હતું કે આવી શૈક્ષણિક પહેલ દ્વારા એઈમ્સ રાજકોટ કેન્સર સારવાર ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત દર્દી સેવા, આધુનિક અને પુરાવા આધારિત સારવાર, ઉચ્ચ કક્ષાનું તબીબી શિક્ષણ તથા સંશોધનને સતત પ્રોત્સાહન આપી રહ્યું છે અને આરોગ્ય ક્ષેત્રના વ્યાવસાયિકોના જ્ઞાન તથા કૌશલ્ય વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

# પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટના 27મા સર્વજ્ઞાતિ સમૂહલગ્ન માટે નોંધણી

### 6 ડિસેમ્બરે યોજાનારા સમૂહલગ્નમાં 11 કન્યાઓના લગ્ન

## 101 કરીયાવર વસ્તુઓ અને 25 ભોજન પાસ આપવામાં આવશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

નિસ્વાર્થ માનવસેવાના કાર્યો માટે જાણીતી શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ૨૭મા વર્ષે સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૬ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનારા આ સમૂહલગ્નમાં ૧૧ કન્યાઓના લગ્ન યોજાશે. આ માટે ઈચ્છુક પરિવારો પાસેથી અરજીપત્રકોનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.આયોજકોના જણાવ્યા મુજબ સમૂહલગ્નમાં સામેલ કન્યા અને વરપક્ષને સંસ્થા તરફથી ૨૫ ભોજન પાસ આપવામાં આવશે. ઉપરાંત દરેક કન્યાને ૧૦૧ કરીયાવરની વસ્તુઓ ભેટરૂપે આપવામાં આવશે. સમૂહલગ્ન માટેના



ફોર્મ દરરોજ સવારે ૧૦:૦૦થી ૧૨:૦૦ તથા સાંજે ૫:૦૦થી ૮:૦૦ વાગ્યા સુધી શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી પ્રગટ હનુમાનજી મંદિર, લક્ષ્મીવાડી શેરી નં. ૯/અ, મિલપરા મેઈન રોડ, રાજકોટ ખાતે 'વહેલા તે પહેલા'ના ધોરણે ઉપલબ્ધ રહેશે. આયોજકોએ ૬ ડિસેમ્બરે યોજાનારા સમૂહલગ્નોત્સવ પ્રસંગે મિલપરા અને લક્ષ્મીવાડી વિસ્તારના રહેવાસીઓને મહાપ્રસાદમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવ્યું છે. સમગ્ર આયોજનમાં પૂજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, જૈમિલ પંડયા, દેવાંગ ભટ્ટ, કિશન સુચક, પંકજ વ્યાસ, બકુલ સરવૈયા, ચિંતન રાચ્છ, ધર્મેશ રાઠોડ, કશ્યપ ભટ્ટ, હર્ષદ રાઠોડ, સવજીબાપા, બચુ માખેલા સહિતના કાર્યકરો સેવા આપી રહ્યા છે. વધુ માહિતી માટે ટ્રસ્ટના પ્રમુખ જગદીશ એસ. ભટ્ટનો સંપર્ક કરવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

# ભાડલા ખાતે ગુરુદેવ હકાબાપાની પ્રતિમાનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ


## ગેલમા મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળશે; ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટશે


**સિટી ન્યૂઝ@ભાડલા**

ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે બુધવાર, તા. ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગુરુભક્ત આત્માનંદ બાપુના ભાડલા સ્થિત આશ્રમ ખાતે ગુરુદેવ હકાબાપાની આરસપહાણની પ્રતિમાનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. આ પ્રસંગે વાજતે-ગાજતે અને ભારે ધામધૂમ સાથે બાપાનું સામૈયું કરવામાં આવશે.

ગુરુપરંપરા અનુસાર આત્માનંદ બાપુના ગુરુ બીજલ બાપા છે અને બીજલ બાપાના ગુરુ પરમપૂજ્ય હકાબાપા છે. આ પવિત્ર ગુરુપરંપરાની સ્મૃતિ અને મહિમાને ઉજાગર કરતો ગુરુપૂર્ણિમા મહોત્સવ ગુરુભક્ત આત્માનંદ બાપુના ભાડલા ખાતે આવેલા આશ્રમમાં ભક્તિભાવપૂર્વક ઉજવાશે.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ગેલમા મંદિરથી ગુરુદેવ હકાબાપાની ભવ્ય શોભાયાત્રા નીકળશે. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. આ દરમિયાન બહેનો મોતીની ઈંઢોણી અને કળશ લઈને ગરબા રમશે તથા ભક્તો દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. ભક્તિમય વાતાવરણ, સંગીત અને જયઘોષ વચ્ચે હકાબાપાની પ્રતિમાને આશ્રમમાં પધરાવવામાં આવશે.







ગુરુપૂર્ણિમાના દિવસે સવારે ૮:૩૦થી ૧૦:૩૦ વાગ્યા દરમિયાન બે કલાક સુધી હકાબાપાની શોભાયાત્રા ભાડલા ગામના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ કરશે. ત્યારબાદ પ્રતિમાને ગુરુભક્ત આત્માનંદ બાપુના આશ્રમ ખાતે પધરાવવામાં આવશે, જ્યાં શાસ્ત્રોક્ત ધાર્મિક વિધિ અને ભક્તિભાવપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે.

આ ભવ્ય ધાર્મિક પ્રસંગમાં પાટણ, ભાભર, અમદાવાદ, મુંબઈ, વડોદરા, વિંછિયા અને રાજકોટ સહિત ગુજરાત તથા અન્ય રાજ્યોનાં અનેક ગામો અને શહેરોમાંથી મોટી સંખ્યામાં હાકાબાપાના ભક્તો પધારવાના છે. સમગ્ર ભાડલા ગામ અને આત્માનંદ બાપુના આશ્રમ ખાતે આ ઐતિહાસિક પ્રસંગને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ, શ્રદ્ધા અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.



# 3 દિવસીય નિઃશુલ્ક જયપુર ફૂટ કેમ્પ

## સરગમ ક્લબ, ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેન્ટર અને કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 1થી 3 ઓગસ્ટ સુધી વિશાળ સેવા યજ્ઞ

સિટી ન્યૂઝ@રાજકોટ

દિવ્યાંગજનોને જીવનમાં ફરીથી ગતિશીલ બનાવવા અને તેમને આત્મનિર્ભર બનાવવાના હેતુથી સરગમ ક્લબ, ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેન્ટર (લંડન) તથા કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ૧થી ૩ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસીય નિશુલ્ક જયપુર ફૂટ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળાના જણાવ્યા મુજબ આ કેમ્પમાં મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ દિવ્યાંગોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવાની સેવા આપવામાં આવશે. સાથે જ જરૂર મુજબ માપણી, ફિટિંગ અને પ્રાથમિક તબીબી ચકાસણી પણ નિશુલ્ક કરવામાં આવશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ ૧ ઓગસ્ટ, શનિવારે સવારે ૮:૦૦ વાગ્યે સરગમ ભવન, જામ ટાવર રોડ, નવી કલેક્ટર કચેરીની બાજુમાં, રાજકોટ ખાતે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

આયોજકોના જણાવ્યા મુજબ લાભાર્થીઓએ ફોટોવાળું સરકારી ઓળખપત્ર, આધાર કાર્ડ તથા ડોક્ટરના દિવ્યાંગતા પ્રમાણપત્રની ઝેરોક્સ સાથે લાવવાની રહેશે. ઉપરાંત અગાઉ કૃત્રિમ અંગો અથવા અન્ય સહાયક સાધનો લીધા હોય અને તેના રિપેરિંગ અથવા એડજસ્ટમેન્ટની જરૂર હોય તેવા લાભાર્થીઓએ પણ ૧ ઓગસ્ટે સવારે ૮:૦૦ વાગ્યે ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

આ કેમ્પને ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેન્ટર (લંડન)ના રાજ રાજેશ્વર ગુરુજીનો મુખ્ય સહયોગ પ્રાપ્ત થયો છે. સાથે જ સ્થાનિક સ્તરે અનેક સેવાભાવી દાતાઓ અને સંસ્થાઓનો પણ સહયોગ મળી રહ્યો છે.

કેમ્પના આયોજન માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળા, કમાણી ફાઉન્ડેશનના દીપક કમાણી, રશ્મી કમાણી તથા અનેક સેવાભાવી કાર્યકરો સતત જહેમત ઉઠાવી રહ્યા છે.



આયોજકોના જણાવ્યા મુજબ આ સેવા યજ્ઞ દ્વારા અનેક દિવ્યાંગોના જીવનમાં નવી આશા અને આત્મવિશ્વાસનો સંચાર થશે.

# નાઈટ કોમ્બિંગથી શહેરની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ઉજાગર થઈ : કોંગ્રેસ

## એક જ રાતમાં 67 હથિયારધારી અને 46 નશાની હાલતમાં ઝડપાયા હોવાના મુદ્દે સરકાર અને પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસે શહેર પોલીસ દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલા નાઈટ કોમ્બિંગને ટાંકીને શહેરની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે વધુ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના મહામંત્રી દિલીપ આસવાણી અને પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે એક જ રાતમાં ધારદાર હથિયારો સાથે ૬૭ શખ્સો, નશાની હાલતમાં ૪૬ વ્યક્તિઓ ઝડપાયા અને ૨૪૭ વાહનો ડિટેઈન કરાયા હોવાની કાર્યવાહી શહેરમાં વધતી ગુનાખોરીની ચિંતાજનક સ્થિતિને સ્પષ્ટ કરે છે.

કોંગ્રેસના નેતાઓએ દાવો કર્યો છે કે એક સમયે શાંત અને સુરક્ષિત ગણાતું રાજકોટ હવે અસામાજિક તત્ત્વો માટે અનુકૂળ કેન્દ્ર બનતું જઈ રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે શહેરમાં ગેરકાયદેસર હથિયારો, તમંચા, રિવોલ્વર અને કારતૂસ સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યા છે, જેના સ્ત્રોત અંગે તાત્કાલિક અને અસરકારક તપાસ થવી અત્યંત જરૂરી છે.

નિવેદનમાં રાજ્યમાં દારૂબંધીના અમલ અંગે પણ ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં





આવ્યા છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ, એક જ રાતમાં ૪૬ લોકો નશાની હાલતમાં ઝડપાયા હોવાની ઘટના દારૂબંધીના કાયદાના અમલ પર મોટો પ્રશ્નચિહ્ન મૂકે છે. શહેરમાં દારૂ ક્યાંથી અને કઈ રીતે પહોંચે છે તેમજ તેનું ગેરકાયદેસર વેચાણ ક્યાં થાય છે તેની સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

કોંગ્રેસના નેતાઓએ વધુમાં જણાવ્યું હતું કે નાઈટ કોમ્બિંગ જેવી કાર્યવાહી જો નિયમિત અને વધુ કડક રીતે કરવામાં આવે તો અસામાજિક તત્ત્વો અને ગુનેગારોમાં કાયદાનો ભય ઉભો થઈ શકે છે. તેમણે શહેર પોલીસે આંદોલનકારીઓ કરતાં વધુ પ્રાથમિકતા ગુનાખોરી અને અસામાજિક પ્રવૃત્તિઓ પર આપવી જોઈએ તેવી પણ માંગ કરી છે.

# મેટોડામાં બુધવારે વિશાળ મહારક્તદાન કેમ્પનું આયોજન

## વિઠ્ઠલભાઈ રાદડિયાની સાતમી પુણ્યતિથિ નિમિત્તે લોધીકા તાલુકા સહકારી પરિવાર અને શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનનો વિશાળ સેવા યજ્ઞ; વધુમાં વધુ રક્તદાતાઓ જોડાવા અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ

લોધીકા તાલુકા સહકારી પરિવાર (તાલુકા ભાજપ-લોધીકા) દ્વારા ગૌ.વા. વિઠ્ઠલભાઈ રાદડિયાની સાતમી પુણ્યતિથિ નિમિત્તે ૨૯ જુલાઈ, બુધવારે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી વિશાળ સ્તરે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.



આયોજકોના જણાવ્યા મુજબ મેટોડા સ્થિત ડેકોરા ભવન, કિશાન ગેટ, જી.આઈ.ડી.સી. ખાતે બપોરે ૨:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી યોજાનારા આ કેમ્પમાં મોટી સંખ્યામાં સ્વૈચ્છિક રક્તદાતાઓ જોડાય તેવી અપીલ કરવામાં આવી છે. ચોમાસાની ઋતુ દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વિવિધ બ્લડ ગ્રુપની વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ વિશાળ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ જણાવ્યું હતું કે એક વ્યક્તિના રક્તદાનથી ત્રણથી વધુ દર્દીઓને જીવનદાન મળી શકે છે. શરીરમાંથી લેવામાં આવતું ૩૫૦થી ૪૫૦ મિલી લોહી ટૂંકા સમયમાં ફરીથી શરીરમાં ઉત્પન્ન થઈ જાય છે અને રક્તના તમામ ઘટકો પણ ઝડપથી પુનસ્થાપિત થાય છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ જણાવ્યું હતું કે એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિને જીવનદાન મળી શકે છે. સ્વસ્થ વ્યક્તિએ દર ત્રણ મહિને નિયમિત રક્તદાન કરવું જોઈએ અને સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવી અત્યંત જરૂરી છે. તેમણે જણાવ્યું કે શરીરમાંથી રક્તદાન દરમિયાન માત્ર ૩૫૦થી ૪૫૦ મિલી લોહી લેવામાં આવે છે અને શરીર ખૂબ જ ઝડપથી તેનો જથ્થો ફરીથી ઉત્પન્ન કરી લે છે, જેથી રક્તદાન સંપૂર્ણપણે સુરક્ષિત પ્રક્રિયા છે. આયોજકોએ વધુમાં જણાવ્યું છે કે જન્મદિવસ, સ્મૃતિદિન તથા અન્ય શુભ પ્રસંગોએ પણ રક્તદાન કેમ્પનું આયોજન કરવું જોઈએ જેથી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી શકે. સાથે જ ચક્ષુદાન, અંગદાન, સ્કિનદાન તથા જીવદયા સંબંધિત સેવાકીય પ્રવૃત્તિઓ માટે પણ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.



# રાજકોટ ડિવિઝનના કર્મચારીને ઉત્કૃષ્ટ સતર્કતા બદલ સેફ્ટી એવોર્ડ

## માલગાડીના વેગનમાં ખામી સમયસર ઓળખી સંભવિત દુર્ઘટના ટાળી; રેલવેના મહાપ્રબંધકે 'મેન ઓફ ધ મંથ'થી સન્માનિત કર્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડેએ મે અને જૂન-૨૦૨૬ માટે વિવિધ ડિવિઝનોના નવ કર્મચારીઓને 'મેન ઓફ ધ મંથ' સેફ્ટી એવોર્ડથી સન્માનિત કર્યા છે. તેમાં રાજકોટ ડિવિઝનના મોડપુર મુખ્યાલય ખાતે ફરજ બજાવતા પોઈન્ટ્સમેન અજીત કુમાર કાંટેવાલાનો પણ સમાવેશ થાય છે. આ સન્માન મુંબઈ સ્થિત પશ્ચિમ રેલવે મુખ્યાલય ખાતે યોજાયેલા વિશેષ સમારોહમાં આપવામાં આવ્યું હતું, જ્યાં ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કર્મચારીઓના ઉત્કૃષ્ટ કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, અજીત કુમાર કાંટેવાલાએ ફરજ દરમિયાન મોડપુર સ્ટેશનથી નાયરા એનર્જી રેલવે સાઈડિંગ તરફ જતી માલગાડીના પસાર થતી વખતે એક વેગનમાંથી અસામાન્ય અવાજ અને ગ્રીસ બળવાની ગંધ અનુભવી હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજી તેમણે તાત્કાલિક સ્ટેશન માસ્ટરને જાણ કરી હતી અને કોઈ વિલંબ વિના જરૂરી સેફ્ટી પ્રોટોકોલ શરૂ કરાવ્યા હતા.

ત્યારબાદ નાયરા એનર્જી રેલવે સાઈડિંગને 'સ્ટોપ એન્ડ એક્ઝામિન' બેલ કોડથી એલર્ટ કરવામાં આવ્યું હતું. માલગાડી ત્યાં પહોંચતા તપાસ દરમિયાન બ્રેક વેનથી દસમા ક્રમે આવેલા વેગનના પાછળના પૈડામાં ગંભીર સ્કિડિંગ હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં બ્રેકિંગ સિસ્ટમમાં ગરમી અને ઘર્ષણના કારણે ખામી સર્જાઈ હોવાનું પણ અનુમાન કરવામાં આવ્યું હતું. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને વેગનને તરત જ ટ્રેનથી સુરક્ષિત રીતે અલગ કરવામાં આવ્યું અને આગળની કામગીરી રોકી દેવામાં આવી હતી.


પશ્ચિમ રેલવેના જણાવ્યા મુજબ, અજીત કુમાર કાંટેવાલાની સતર્કતા, ત્વરિત નિર્ણય ક્ષમતા, તકનીકી સમજ અને કર્તવ્યનિષ્ઠાના કારણે સંભવિત રેલ દુર્ઘટના ટળી હતી. તેમની સમયસરની કાર્યવાહીથી માત્ર રેલવે સંપત્તિને નુકસાનથી બચાવી શકાયું નથી, પરંતુ મુસાફરો અને માલસામાનની સુરક્ષા પણ સુનિશ્ચિત થઈ શકી છે, જે રેલવે સેફ્ટી માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાય છે.રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ તેમના કાર્યની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે આવા સતર્ક અને સમર્પિત કર્મચારીઓ ડિવિઝનની મજબૂત સેફ્ટી સંસ્કૃતિના પ્રતીક છે અને અન્ય કર્મચારીઓ માટે પ્રેરણારૂપ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે રેલવેમાં દરેક કર્મચારીની જાગરૂકતા જ મોટી દુર્ઘટનાઓ અટકાવવાનો મુખ્ય આધાર છે.

રાજકોટ ડિવિઝનને પોતાના આવા સમર્પિત અને જવાબદાર કર્મચારીઓ પર ગર્વ છે, જે પડકારજનક પરિસ્થિતિઓમાં પણ ત્વરિત અને વિવેકપૂર્ણ નિર્ણય લઈને સુરક્ષિત રેલ પરિચાલન સુનિશ્ચિત કરે છે અને રેલવેની વિશ્વસનીયતા વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

# શહેર ભાજપ કોષાધ્યક્ષ મયુર શાહનો જન્મદિવસ

## સામાજિક, ધાર્મિક અને સેવાકીય ક્ષેત્રે સક્રિય ભૂમિકાને લઈ શુભેચ્છાઓનો ધોધ; વિવિધ સંતો અને આગેવાનોએ પાઠવ્યા આશીર્વાદ

સિટી ન્યૂઝ@રાજકોટ



શહેર ભાજપના કોષાધ્યક્ષ, પંચનાથ હોસ્પિટલના માનદમંત્રી તેમજ જૈન અગ્રણી મયુર શાહનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્તે સંતો, સામાજિક આગેવાનો, રાજકીય કાર્યકરો, મિત્રો અને શુભેચ્છકોએ શુભકામનાઓ પાઠવી છે. મયુર શાહ લાંબા સમયથી સામાજિક, ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેઓ પંચનાથ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટના માનદમંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંચનાથ હોસ્પિટલના વિકાસ માટે દાન એકત્ર કરવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. તેઓ જૈન ઇન્ટરનેશનલ વેલ્ફેર ઓર્ગેનાઇઝેશનના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે. જૈન ભોજનાલયમાં દરરોજ મોટી સંખ્યામાં સાધર્મિકોને નજીવા દરે ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવવા તેમજ વિવિધ સેવાકીય યોજનાઓમાં સહયોગ આપ્યો છે. ઉપરાંત રૂડાનગર સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ તરીકે પણ તેઓ કાર્યરત છે અને ધાર્મિક પ્રકલ્પોમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. રાજકીય ક્ષેત્રે તેઓ સતત ત્રણ કાર્યકાળ સુધી શહેર ભાજપના કોષાધ્યક્ષ રહી ચૂક્યા છે અને પાર્ટીએ ફરી તેમના પર વિશ્વાસ વ્યક્ત કરી આ જવાબદારી સોંપી છે. આ ઉપરાંત અનેક સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓમાં ટ્રસ્ટી, ચેરમેન, સેક્રેટરી અથવા પદાધિકારી તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમની સેવાકીય કામગીરી બદલ તેમને ગારડી એવોર્ડ, પ્રાઇડ ઓફ રાજકોટ, સ્ટાર ઓફ સૌરાષ્ટ્ર અને મનોરત્ન સહિતના અનેક સન્માનોથી નવાજવામાં આવ્યા છે. જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ, સુશાંતમુનિ મહારાજ સહિતના સંતોએ આશીર્વાદ પાઠવ્યા છે. પરિવારજનો, મિત્રો અને શુભેચ્છકો તરફથી પણ શુભકામનાઓનો ધોધ વરસી રહ્યો છે.

# હઝરત જમાલશાહ કમાલશાહ પીરનો ઉર્ષ



સિટી ન્યૂઝ@રાજકોટ

સદર આમ સુન્ની મુસ્લિમ વક્ફ કમિટી સંચાલિત હઝરત જમાલશાહ કમાલશાહ પીર, સદર, રાજકોટનો વાર્ષિક ઉર્ષ શરીફ ૨૯ જુલાઈ, બુધવારે પરંપરાગત રીતે ઉજવાશે. આ અંગે કમિટીના પ્રમુખ હાજી યાકુબ અલ્લારખા દલવાણી, ઉપપ્રમુખ હબીબ ગનીભાઈ કટારીયા, મંત્રી સાજીદ આર. ખોખર અને સહમંત્રી ઈરફાન ઠેબાએ માહિતી આપી હતી. આયોજકોના જણાવ્યા મુજબ હઝરત જમાલશાહ કમાલશાહ પીરનું સંદલ જુલૂસ સૈયદ હાજી મહંમદ બશીરબાપુ બુખારી અને સૈયદ એઝાઝબાપુ બુખારીના નિવાસસ્થાનેથી, નહેરુનગર શેરી નં. ૨-૪, રૈયા રોડથી બપોરે ૩:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે. જુલૂસ રૈયા રોડ, આમ્રપાલી સિનેમા, રેસકોર્સ અને ખાટકીવાડ થઈ સાંજે અંદાજે ૫:૦૦ વાગ્યે દરગાહ શરીફ ખાતે પહોંચશે. ઉર્ષ પ્રસંગે સાંજે ૭:૦૦ વાગ્યે આમ ન્યાઝનું વિતરણ કરવામાં આવશે. સમગ્ર ઉર્ષનું સંચાલન હબીબ ગનીભાઈ કટારીયા કરશે, જ્યારે ન્યાઝની વ્યવસ્થા આશિકાને હુસેન ન્યાઝ કમિટીના આગેવાનો અને કાર્યકરો સંભાળશે. આયોજકોના જણાવ્યા મુજબ

## સરગમ કલબ, ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેન્ટર અને કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 1થી 3 ઓગસ્ટ સુધી વિશાળ સેવા યજ્ઞ

કાર્યક્રમમાં સદર આમ સુન્ની મુસ્લિમ વક્ફ કમિટીના હોદ્દેદારો તથા આગેવાનો હાજરી આપશે. મોટી સંખ્યામાં અકીદતમંદોને ઉર્ષના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ભવ્ય લોકડાયરાનું આયોજન

## 29 જુલાઈએ ગુરુદીક્ષા, માતાજીની દિવ્ય બેઠક, મહાપ્રસાદ અને ભજન સંધ્યાના કાર્યક્રમો યોજાશે

**સિટી ન્યૂઝ@મોરબી**

ગુરુપૂર્ણિમા નિમિત્તે ૨૯ જુલાઈએ મોરબીના નાની વાવડી વિસ્તારમાં ભવ્ય લોકડાયરો, ગુરુપૂર્ણિમા દિવ્ય મહોત્સવ તથા માતાજીની દિવ્ય બેઠકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ પૂજ્ય ગુરુદેવના પાવન સાનિધ્યમાં શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે યોજાશે. આયોજકોના જણાવ્યા મુજબ સાંજે ૪:૦૦થી ૬:૦૦ વાગ્યા સુધી બજરંગ સોસાયટી, સ્વામિનારાયણ મંદિર પાછળ આવેલા સ્થળે ગુરુદીક્ષાનો વિશેષ કાર્યક્રમ યોજાશે. આ દરમિયાન ભક્તજનોને આધ્યાત્મિક માર્ગદર્શન અને દીક્ષા વિધિ




આપવામાં આવશે. ત્યારબાદ સાંજે ૬:૦૦થી ૭:૦૦ વાગ્યા સુધી માતાજીની દિવ્ય બેઠક યોજાશે, જેમાં ભક્તો માતાજીના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરશે. સાંજે ૭:૩૦ વાગ્યે પરશુરામ મંદિર, નવલખી બાયપાસ ખાતે મહાપ્રસાદનું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લેશે. ત્યારબાદ રાત્રે ૯:૩૦ વાગ્યાથી પરશુરામ મંદિર ખાતે ભજન સંધ્યા અને લોકડાયરો યોજાશે, જેમાં ભક્તિરસથી ભરપૂર લોકસંગીતની રજૂઆત થશે. લોકડાયરામાં લોકગાયક ઉમેદ ગઢવી, લોકગાયિકા સોનલ ગોંડલિયા તેમજ કોમલ ચાવડા પોતાની લોકપ્રિય રજૂઆતો દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધાર્મિક અને સાંસ્કૃતિક વાતાવરણ સર્જાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભક્તજનોને ઉપસ્થિત રહેવા માટે સેવકગણ દ્વારા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે, જેથી સૌ ભક્તો આ દિવ્ય મહોત્સવનો લાભ લઈ શકે.




**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| MANIPAL HEALTH ENTERPRISES | 29/7 | 31/7 | 560 - 590 | 25 | 14,750 |
| JUNIPER GREEN ENERGY | 30/7 | 03/8 | 214 - 225 | 66 | 14,850 |
| MV ELECTROSYSTEMS | 30/7 | 03/8 | 400 - 425 | 34 | 14,450 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| SILVERSTORM PARKS & RESORTS | 24/7 | 28/7 | 123 - 133 | 2000 | 2,66,000 |
| ADVANCE TECHNOFORGE | 27/7 | 29/7 | 95 | 2400 | 2,28,000 |
| PROPSHOP EVENTS & EXHIBITIONS | 27/7 | 29/7 | 65 - 69 | 4000 | 2,76,000 |
| POOJAA PRECISION ENGG | 28/7 | 30/7 | 285 - 301 | 800 | 2,40,800 |
| H.R. HYGIENE PRODUCTS | 29/7 | 31/7 | 83 - 88 | 3200 | 2,81,600 |
| ONEINDIG TECHNOLOGIES | 30/7 | 03/8 | 91 - 96 | 2400 | 2,30,400 |
| DHAVAL PACKAGING | 30/7 | 03/8 | 92 - 97 | 2400 | 2,32,800 |
| FUSION KLASSROOM EDUTECH | 31/7 | 04/8 | 151 - 159 | 1600 | 2,54,400 |
| G.V. ELECTRICALS | 31/7 | 04/8 | 123 - 130 | 2000 | 2,60,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- HOUSING & URBAN DEVELOPMENT CORPORATION ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૩૫.૧% ના ઉછાળા સાથે ૮૫૧ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૬૩૦ કરોડ હતો. કામગીરીમાંથી કુલ આવક: વાર્ષિક ધોરણે ૨૭% વધીને ૩,૭૩૭ કરોડ નોંધાઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૨,૯૪૫ કરોડ હતી. ચોખ્ખી વ્યાજની આવક: વાર્ષિક ધોરણે ૨૧.૧% વધીને ૧,૧૪૯ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૯૪૮ કરોડ હતી.
- R R KABEL ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૧૨૮.૫% ના જબરદસ્ત ઉછાળા સાથે ૨૦૫ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૮૯.૭ કરોડ હતો. કામગીરીમાંથી આવક: વાર્ષિક ધોરણે ૫૩.૯% વધીને ૩,૧૬૮ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૨,૦૫૯ કરોડ હતી. ઓપરેટિંગ પ્રોફિટ: વાર્ષિક ધોરણે ૯૯% વધીને ૨૮૫ કરોડ થયો છે.
- SENORES PHARMACEUTICALS ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૫૫.૭૦% ના ઉછાળા સાથે ૩૦.૭૨ કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૯.૭૦ કરોડ હતો. કામગીરીમાંથી આવક: વાર્ષિક ધોરણે ૩૫.૯૫% વધીને ૧૮૦.૨૧ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧૩૨.૫૬ કરોડ હતી. ઓપરેટિંગ પ્રોફિટ (EBITDA): વાર્ષિક ધોરણે ૮૭% વધીને ૫૪ કરોડ નોંધાયો છે.
- COFORGE ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૧૧૦% ના ઉછાળા સાથે ૫૧૮.૬ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૨૪૭.૨ કરોડ હતો. કામગીરીમાંથી આવક: વાર્ષિક ધોરણે ૪૯% વધીને ૫,૫૨૭.૭ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૩,૭૦૪.૪ કરોડ હતી. ઓપરેટિંગ પ્રોફિટ (EBITDA): વાર્ષિક ધોરણે ૭૪% ના વધારા સાથે ૧,૧૨૩.૩ કરોડ થયો છે.
- BHARAT ELECTRONICS ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૮.૭૦% વધીને ૧,૦૫૪.૩૪ કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૯૬૯.૯૧ કરોડ હતો. કામગીરીમાંથી આવક: વાર્ષિક ધોરણે ૨૪.૯૪% ના ઉછાળા સાથે ૫,૫૪૬.૯૮ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે ૪,૪૩૯.૭૪ કરોડ હતી. કુલ ખર્ચ: વધીને ૪,૩૨૦.૨૯ કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૩,૩૨૩.૭૦ કરોડ હતો (મુખ્યત્વે મટિરિયલ કોસ્ટ વધવાને કારણે). ઓપરેટિંગ માર્જિન: મટિરિયલ કોસ્ટમાં વધારાને કારણે માર્જિન સામાન્ય ઘટીને ૨૫.03% રહ્યું છે, જે ગયા વર્ષે ૨૭.૮૯% હતું. ઓર્ડર બુક: ૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં કંપની પાસે ૭૨,૨૫૮ કરોડની મજબૂત ઓર્ડર બુક ઉપલબ્ધ છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**